
આ
ત્મ
ધ
ર્મ



આ
ત્મ
ધ
ર્મ

(493)

જેની મુદ્રા જોતાં આત્મસ્વરૂપ લખાય, એવા સીમંધર પ્રભુજી પધાર્યા છે અમ આંગણે રે...

## પ્રશમમૂર્તિ સ્વાનુભવરસાસ્વાદક પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના શ્રીમુખેથી વહેલી ગુરુભક્તિભીની તત્ત્વબોધક સુધા-સરવાણી

[ સંકલિતરૂપે ]

ચૈતન્યની કોઈ અદ્‌ભુતતા ને અનુપમતા બતાવવાવાળા એક ગુરુદેવ જ હતા. ગુરુદેવ સ્વર્ગપુરીમાં બિરાજે છે. આ ભરતક્ષેત્રમાં ગુરુદેવ 'ભગવાન! ભગવાન!' કરતા હતા; તેમને તો ભગવાન મળી ગયા. ગુરુદેવે જે બતાવ્યું તેનો પ્રયત્ન કરવો જોઈએ. કરવાનું તો પોતાને છે, ગુરુદેવે જે કહ્યું છે તે જ કરવાનું છે. આપણે તો તેમની આગળ શીખ્યાં છીએ, એક ગુરુદેવે જ બધું શિખડાવ્યું છે. અંતરમાં આત્મા 'છે'. તે કેમ પ્રાપ્ત થાય? કેવળજ્ઞાન કેમ થાય?—બધો માર્ગ તેમણે સ્પષ્ટ કર્યો; અપૂર્વ માર્ગ તેમણે પ્રગટ કર્યો. ગુરુદેવની વાણી જ એવી હતી કે પુરુષાર્થ ઊપડે ને આત્માની પ્રાપ્તિ થાય. ગુરુદેવની અપાર કૃપા હતી; તેમણે ભવનો અભાવ કરાવ્યો.

*

જ્ઞાન, દર્શન ને આનંદ આદિ અનંત અનંત શક્તિઓથી ભરેલો આ આત્મા અનાદિ કાળથી તે-રૂપ જ છે—એવો ને એવો જ છે. તે આત્માને ઓળખવો એ જ જીવનનું ધ્યેય હોવું જોઈએ. ભેદજ્ઞાનની ધારા કેમ પ્રગટે અને આત્મા કેમ ગ્રહણ થાય, એની ક્ષણે ક્ષણે અંતરમાં લગની લાગવી જોઈએ; તે જ કરવા જેવું છે.

*

સમયસારમાં બધો—આખો માર્ગ આવી ગયો. આત્મા પરદ્રવ્યનો કર્તા નથી, એક દ્રવ્યની બે ક્રિયા નથી, બે દ્રવ્યની એક ક્રિયા નથી. ગુરુદેવે આ વારંવાર સ્પષ્ટ કરીને બતાવ્યું છે, બે દ્રવ્યોની સ્વતંત્રતા બતાવી છે. બીજાનું તું કાંઈ કરી શકતો નથી તેથી કર્તાબુદ્ધિ છોડી દે અને જેનાથી—જેનો આશ્રય કરવાથી—અનેક જાતની શુદ્ધ પર્યાય પ્રગટ થાય એવા નિજ શુદ્ધ આત્માને ગ્રહણ કર. તેને ગ્રહણ કરવાથી શરૂઆતથી

[ અનુસંધાન પાનું ૨૩ ]

વાર્ષિક લવાજમ રૂપિયા નવ
વર્ષ ૩૯
અંક ૯
[ ૪૬૩ ]




વીર સંવત ૨૫૦૯
A.D. 1983
MAR.

# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## પ્રતિષ્ઠા સદ્‌ગુરુ કરકમળથી રે

ફાગણ સુદ બીજ, બુધવાર, તા. ૧૬-૩-૮૩ ના રોજ સોનગઢના જિનમંદિરમાં
**શ્રી સીમંધરસ્વામીના પ્રતિષ્ઠા-મહોત્સવની ૪૩ મી વર્ષગાંઠ**

સીમંધર પ્રભુ નેમનાથ શાંતિ જિણંદજી,
મહાવીર પ્રભુ પદ્મપ્રભુ દેવ
નાથ ! પ્રતિષ્ઠા સદ્‌ગુરુ કરમળથી રે.
વિદેહી પ્રભુ પધાર્યા સુવર્ણપુરમાં રે, સાક્ષાત્ સત્ વૃષ્ટિ થઈ આજ.
સુરેન્દ્ર નરેન્દ્ર દેવ મનાવો રે, વિભુ મહોત્સવના જયનાદ ગાય.
ઇન્દ્રાણી પૂરે છે મોતી સાથીઆ રે, અહો! અહો! મંગળ સ્થાપના થાય.
સદ્‌ગુરુ સ્થાપના કરે ને દિવ્ય દૃશ્ય લાગે, દીસે ભાવ અનુપમ આજ.
શ્રી દેવગુરુ સાથ મળ્યા રે, ત્રણ ભુવનમાં સુરનાદ થાય.
સહુ ભક્તો ભાવેથી સંગે મળી રે, બોલે ધન્ય ધન્ય કૃત દિન આજ.
ઉપશમ રસ વરસે પ્રભુ નેણલે રે, નાથ! મુખ પૂનમકેરો ચંદ.
વિભુ શાંત સુધારસ ઝીલતી રે, નિરખતાં તૃપ્તિ નવ થાય.
આજ રત્નના રાશિ પ્રભુ આવીયા રે, આવ્યા આવ્યા છે ત્રિલોકી નાથ.
પ્રભુ ગુણ કથે સહસ્ર ભાંત સુરપતિ રે, નાથ! મહિમા તણો નહિ પાર.
પ્રભુ ! પ્રતિષ્ઠા સદ્‌ગુરુ કરકમળથી રે.

# 卐 વિષાપહાર સ્તોત્ર 卐

[ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

[ બીજું પ્રવચન ]

આ વિષાપહાર સ્તોત્રમાં ભગવાન ઋષભદેવની સ્તુતિ ચાલે છે. ભગવાનના પ્રતિમા જિનમંદિરમાં હતા. તેમની સમક્ષ ધનંજય મહા કવિ સ્તુતિ કરી રહ્યા છે. તેમના પુત્રને સર્પ કરડયો છે. બેભાન પુત્ર બાજુમાં પડયો છે પણ પોતે તો ભગવાનની સ્તુતિની મસ્તીમાં હતા.

ખરેખર તો આ આત્મ-ભગવાનની સ્તુતિ છે. બહારથી ભગવાનની ભક્તિ કરતા હતા. વ્યવહાર-ભક્તિની પાછળ નિશ્ચય-ભક્તિ પરિણમનરૂપ હોય તો જ ભગવાનની સ્તુતિને વ્યવહાર–ભક્તિ કહેવામાં આવે છે. ભગવાન આત્માની દૈવી શક્તિઓનું જેને શ્રદ્ધા–જ્ઞાનરૂપ પરિણમન છે અને સાથે ભગવાનની ભક્તિના વિકલ્પો આવે છે અને અંદરમાં શુદ્ધિ પણ વધતી જાય છે તથા સાથે સાથે લોકોત્તર પુણ્ય પણ બંધાતું જાય છે એવી ભક્તિની અહીં વાત છે. આવી ભક્તિ સમ્યગ્દષ્ટિને જ હોય છે.

અહીં પાંચ શ્લોક સુધી વાત આવી ગઈ છે. પાંચમાં શ્લોકમાં કહ્યું કે હે ભગવાન! આપ તો બાળ–જીવોના વૈદ્ય છો, આપ ચિકિત્સક છો. બાળ–જીવોના જન્મ–મરણ-રૂપ રોગને ટાળવાનો ઉપાય આપે યથાર્થ બતાવ્યો છે. આપ સર્વજ્ઞ છો. જન્મ–મરણ રૂપ બાળ–જીવોના અનાદિકાલીન રોગને મટાડવા આપના સિવાય બીજો કોઈ સમર્થ નથી.

ધનંજય કવિએ ભક્તિની રેલમ–છેલ કરી છે. પોતે ભક્તિમાં તરબોળ થઈ ગયા છે. હવે છઠ્ઠો શ્લોક કહે છે.

> दाता न हर्ता दिवसं विवस्वानद्यश्व इत्यच्युत! दर्शिताशः ।
> सव्याजमेवं गमयत्यशक्तः क्षणेन दत्सेऽभिमतं नताय ।। ६ ।।

> દેને લેનેકા કામ કુછ, આજ કલ્ય પરસો કરકે।
> દિન વ્યતીત કરતા અશક્ત રવિ, વ્યર્થ દિલાસા દેકર કે ।।
> પર હે અચ્યુત, જિનપતિ, તુમ યોં પલ ભર ભી નહિ ખોતે હો।
> શરણાગત નત ભક્તજનો કો, ત્વરિત ઈષ્ટ ફલ દેતે હો ।।૬।।

પ્રવચનસારમાં ભગવાન કુંદકુંદ આચાર્યદેવે ફરમાવ્યું છે કે જેણે અરિહંત ભગવાનના દ્રવ્ય-ગુણ અને પર્યાય જાણ્યા, લક્ષમાં લીધા અને રુચિગત કર્યાં તે સર્વજ્ઞપદ આવું હોય, મોક્ષતત્ત્વ આવું જ હોય. અરિહંત અને સિદ્ધની

પર્યાય પરિપૂર્ણ જ્ઞાન-દર્શનથી ભરેલી હોય—એમ શ્રદ્ધા અને વિશ્વાસ કરીને મારો આત્મા પણ અરિહંત અને સિદ્ધ જેવો જ શુદ્ધ છે એમ મેળવણી કરીને પોતે સમ્યક્ત્વરૂપે પરિણમે છે.

હે પ્રભુ! આપની ભક્તિ મેં અનંતકાળમાં પૂર્વે કદિ કરી ન હતી. ત્રણ કાળ ત્રણ લોકની પર્યાયને હસ્તકમળવત્ જે પ્રત્યક્ષ જાણે એવી જ્ઞાનની પર્યાય જેમાંથી આવે છે એવા દ્રવ્ય-સ્વભાવની શ્રદ્ધા મેં પૂર્વે કદિ કરી ન હતી. અનંતકાળમાં કદિ હું આપનો દાસ થયો ન હતો. પરંતુ પ્રભુ! હવે હું આપને ઓળખીને આપનો દાસ થયો છું.

લોકો સૂર્યને દેવ કહે છે. નારાયણ કહે છે. સવારના ઊઠીને તેને નમસ્કાર કરે છે. પણ સૂર્ય તો સવારે ઉદય થઈને સાંજના અસ્ત થઈ જાય છે. સૂર્ય તો માત્ર દિશા દેખાડીને અસ્ત થઈ જાય છે. તે કંઈ આપતો નથી. પણ હે ભગવાન! આપ જ સાચા દેવ છો. આપ ઉદારતા આદિ ગુણોથી સહિત છો. કદિ અસ્ત નહિ થતાં હોવાથી અચ્યુત છો. આપને જે જીવ ભક્તિ ભાવે નમ્ર થઈને નમે છે તેને આપ ક્ષણમાત્રમાં ઇચ્છિત વસ્તુ આપો છો. આપની જે વિનયપૂર્વક સ્તુતિ કરે છે તથા આપના સ્વરૂપને જે ઓળખે છે તેને ક્ષણમાત્રમાં આત્મ-પ્રાપ્તિ થાય છે. આત્મામાં જતાં બધું મળે છે. સાથે લોકોત્તર પુણ્ય બંધાવાથી બહારમાં પણ બધી સંપત્તિ મળે છે. તેથી કહે છે કે હે ભગવાન! આપ બધું આપો છો.

આ સૂર્ય માત્ર દિશા દેખાડે છે, પરંતુ આત્માની દશા પ્રાપ્ત કરાવતો નથી. મહા ચૈતન્ય ધ્રુવ-ધામ પ્રભુ! તેની નજરું કરી, જેણે દૃષ્ટિ-પથમાં તેને જોયો તેની દિશા અને દશા આખી ફરી જાય છે. ભગવાન ચૈતન્ય-સૂર્ય, તેને અંતરમાં નમતાં, વિનય કરતાં, તેની પર્યાયમાં શાંતિની પ્રાપ્તિ–સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. અલ્પકાળમાં કેવળજ્ઞાન લે એવો પ્રભુ તું છો. તું ચૈતન્યસૂર્ય જુદી જાતનો છો. તારો પ્રકાશ જુદી જાતનો છે. જેના લક્ષે એકાગ્ર થતાં અલ્પકાળમાં કેવળજ્ઞાન થાય તો બહારના વૈભવો મળે એવા પુણ્યની પ્રાપ્તિ થવી તેની કંઈ વિશેષતા નથી.

જ્ઞાનીને પૂર્ણાનંદની પ્રાપ્તિની ભાવના છે, શુદ્ધોપયોગની ભાવના છે, તે સૂર્ય આપી શકતો નથી. "દદાતિ ઇતિ દેવ:"—હે ભગવાન! આપ ધર્મ અર્થ કામ અને મોક્ષ બધું આપો છો. જેમ સૂર્યના કિરણો પડતાં કમળ ખીલી ઊઠે છે તેમ આપ ચૈતન્યસૂર્યના જ્ઞાનના કિરણો પડતાં અમારો આત્મા ખીલી ઊઠે છે. ભગવાન ધ્રુવ-ધામ પર્યાયમાં આવતો નથી પરંતુ તેની શક્તિની ભક્તિની એકાગ્રતા કરતાં, તેની શક્તિના કિરણો પર્યાયમાં આવતાં ભગવાન આત્માનો ન્યાલ થઈ જાય છે.

લોકો સૂર્યને નારાયણ કહે છે. પરંતુ આ ભગવાન આત્મા નારાયણ છે. નરમાંથી નારાયણ થવાય છે. સર્વજ્ઞ ભગવાન નરમાંથી નારાયણ થયા છે. ખરેખર તો એવી વાત છે કે ચક્રવર્તીને ચક્ષુ-ઇન્દ્રિય સંબંધી એટલો ક્ષયોપશમ હોય છે કે તે સૂર્યના વિમાનમાં

શાશ્વત જિનમંદિરમાં બિરાજમાન રત્નના પ્રતિમાજીને પોતાના મહેલમાંથી જોઈને સવારના દર્શન કરતાં હતાં. પણ તેને બદલે લોકોની દૃષ્ટિમાં આ એકલા સૂર્યને નમસ્કાર કરવાનું રહી ગયું. અરે! કદાચ સાચા દેવ-શાસ્ત્ર-ગુરુના પણ અંદરના પોતાના ભગવાનને ઓળખ્યા વિના, એકલા દર્શન કરે તોપણ ધર્મ નથી. પૂર્ણાનંદ પ્રભુ પોતે જ કેવળજ્ઞાનનો સૂર્ય છે તેને ઓળખીને તેને નમે, તેમાં ઢળે તેને સમ્યક્ત્વની અને શાંતિની પ્રાપ્તિ થાય છે. તથા આત્માના ભાન પૂર્વક ભગવાનને નમે તેને ઉત્કૃષ્ટ પુણ્યનો બંધ થાય છે. હે ભગવાન! આ રીતે આપ સૂર્યથી પણ મહાન છો. ૬.

उपैंति भक्त्या सुमुखः सुखानि, त्वयि स्वभावाद्विमुखश्च दुःखम् ।
सदावदातद्युतिरेकरूपस्तयोस्त्वमादर्श इवावभासि ।।७।।

ભક્તિભાવસે સુમુખ આપકે રહનેવાલે સુખ પાતે।
ઔર વિમુખ જન દુઃખ પાતે હૈ, રાગદ્વેષ નહિ તુમ લાતે ॥
અમલ સુદ્યુતિમય ચારુ આરસી, સદા એકસી રહતી જ્યોં।
ઉસમેં સુમુખ વિમુખ દોનોં હી, દેખેં છાયા જ્યોં કી ત્યોં ॥૭॥

જુઓ! આ કવિના હૃદયના ઉદ્ગાર છે. હે ભગવાન! આપને અનુકૂળ વર્તનારા, આપની આજ્ઞાનુસાર ચાલનારા અર્થાત્ સ્વરૂપની આરાધના કરનારા સમકિતી આપની કૃપાથી લોકોત્તર અભ્યુદયને પામે છે. ઈન્દ્ર, ચક્રવર્તી, બળદેવ આદિની લોકોત્તર સંપદાને પામે છે. અને આપથી પ્રતિકૂળ ચાલનારા સ્વભાવથી જ નરક-નિગોદ આદિના દુઃખોને પામે છે. પણ પ્રભુ! આપ તો દર્પણની માફક બન્ને માટે સમાનરૂપે છો. દર્પણની સન્મુખ પોતાનું મુખ રાખનાર પોતાનો ચહેરો જોઈને ખુશી થાય છે અને દર્પણને પીઠ દેનાર પોતાનું મુખ નહિ દેખી શકવાથી દુઃખી થાય છે. દર્પણ તો બન્ને માટે સમાનરૂપ છે. તેમ આપ ત્રિલોકનાથની ભક્તિ કરનારા સાધક જીવો સ્વયં સુખને પામે છે અને આપથી વિમુખ રહેનાર અજ્ઞાની સ્વયં દુઃખ પામે છે. આપ તો વીતરાગ છો. આપ રાગ-દ્વેષ પૂર્વક કોઈને સુખ-દુઃખના દાતા નથી.

ચૈતન્ય મહા-પ્રભુની જે દૃષ્ટિ કરે છે, તેની સન્મુખ થાય છે તે પર્યાયમાં શાંતિ પામે છે અને એવા દ્રવ્યસ્વભાવને જે પીઠ દે છે અને પુણ્ય-પાપ તથા સંયોગોની સામે જોયા કરે છે તે જીવ પર્યાયમાં દુઃખી થાય છે અને ચાર ગતિમાં રખડે છે. ચૈતન્ય-પ્રભુની સન્મુખ થાય છે તે મોક્ષ પામે છે અને ન્યાલ થઈ જાય છે. ચૈતન્ય-પ્રભુ તો સદાય એવો ને એવો જ છે. ચૈતન્ય-પ્રભુ તો સદાય વીતરાગ સ્વભાવે જ રહેલો છે. તે કદિ રાગદ્વેષરૂપે પરિણમતો નથી. ૭.

अगाधताब्धेः स यतः पयोधिर्मेरोश्च तुङ्गा प्रकृतिः स यत्र ।
द्यावापृथिव्योः पृथुता तथैव व्याप त्वदीया भुवनान्तराणि ।।८।।

ગહરાઈ નિધિકી, ઉંચાઈ ગિરિકી, નભ-થલકી ચૌડાઈ।
વહીં વહીં તક જહાં જહાં તક, નિધિ આદિક દે દિખલાઈ॥
કિન્તુ નાથ, તેરી અગાધતા, ઔર તુંગતા, વિસ્તરતા।
તીન ભુવન કે બાહિર ભી હૈ, વ્યાપ રહી હૈ જગત્પિતા ॥૮॥

જુઓ! આ સ્તુતિ અમૃતના ભણકાર મારતી અંદરથી ઊઠી છે. હે પ્રભુ! સર્વજ્ઞ પરમાત્મા દેવાધિદેવ! દરિયાની ઊંડાઈ અમુક હજાર યોજન સુધી વર્તે છે. મેરુ-પર્વતની ઊંચાઈ પણ તે તેટલામાં જ છે. પૃથ્વી તથા આકાશની વિશાળતા પણ તે જેટલા પ્રમાણમાં છે ત્યાં સુધી જ છે. પરંતુ હે ભગવાન! આપની ઊંડાઈ ત્રણકાળ ત્રણલોકમાં વ્યાપક છે, આપના જ્ઞાનની વ્યાપકતા આપ છો એટલામાં જ નથી. આપનું જ્ઞાન સર્વ-વ્યાપક છે. આપની ઊંડપને, આપની ઊંચાઈને, આપની વિશાળતાને, સમુદ્ર પર્વત કે આકાશની ઉપમા ઘટતી નથી.

મનુષ્યના હૃદયમાં રહેલી ધૈર્યતાને ગંભીરતાને કહેવામાં આવે છે. હૃદયમાં સર્વ પ્રતિ પ્રેમ ભાવ તે ઉચ્ચપણું છે. આપનું જ્ઞાન સર્વ પદાર્થોને જેમ છે તેમ જાણે છે. વસ્તુ નથી તેમ કહેવું તે પદાર્થ પ્રતિ દ્વેષ છે. નવ તત્ત્વો, છ દ્રવ્ય બધું છે. બધા પદાર્થોને જેમ છે તેમ જ્ઞાનમાં સ્વીકારવા તે આપનો વિશ્વ-પ્રેમ છે. સર્વ પદાર્થના અસ્તિત્વને આપનું જ્ઞાન જાણી લે છે તે જ આપનો સર્વ પ્રતિ પ્રેમ છે. તેથી હે ભગવાન! આપ પ્રેમની મૂર્તિ છો. જગતના જીવોના પ્રેમ તો ખંડ ખંડ છે. આપનો પ્રેમ અખંડ છે. બધુંય છે....છે...છે. એમ સર્વ પદાર્થોમાં આપનો પ્રેમ સમભાવે અખંડપણે વર્તે છે.

હે ભગવાન! આપની ઉદારતા ત્રણ લોકમાં વ્યાપક છે. આપની ઉદારતાની ઇન્દ્ર પણ પ્રસંશા કરે છે. મેરુ-પર્વતની સાથે આપની ઉન્નતતા અર્થાત્ ઉદારતાને સરખાવે તે ભૂલ કરે છે. મેરુ પર્વતની ઉન્નતતા અને આપની ઉન્નતતાને મેળ નથી.

આપની વિશાળતાને આકાશ સાથે મેળવે છે તે પણ ભૂલ કરે છે. આપની અગાધતા ઉન્નતતા અને વિશાળતા કોઈની સાથે મળે તેમ નથી. તેમ ભગવાન આત્મા ચૈતન્ય મહા પ્રભુની અગાધતા અર્થાત્ કેવળજ્ઞાન તથા કેવળ દર્શન થવા છતાં, તેની શક્તિ ખૂટતી જ નથી. પ્રભુ! તારી અગાધતાનું માપ આવે તેમ નથી. નિગોદના જીવને અક્ષરના અનંતમાં ભાગે જ્ઞાન રહ્યું છે તોપણ શક્તિ તો એવી ને એવી જ રહી છે. અને કેવળજ્ઞાન થાય તોપણ તારી શક્તિમાં ઓછપ આવતી નથી. ભગવાન આત્માની વિશાળતાને તર્કથી માપી શકાય તેમ નથી. આત્માના આનંદની ઊંડપ પણ અગાધ છે. તેને માત્ર બહારથી માનવાની વાત નથી પણ તેને અંદરથી મહિમા આવવો જોઈએ.

દ્રવ્યસ્વભાવ અનાદિનો છે ને એવો ને એવો જ રહ્યો છે તેથી તે મહા-પ્રભુ છે અને ભગવાન પર્યાયમાં મહાપ્રભુ થયા છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય અને અનંતસુખ ભગવાનને પ્રગટ થયા છે તે આત્માના ધ્રુવ સ્વભાવની અગાધતાને સિદ્ધ કરે છે. તેથી આત્મા દેવાધિદેવ છે, આમ ઓળખીને ચૈતન્ય મહા-પ્રભુની શ્રદ્ધા અને જ્ઞાન કરવું તે તેની સાચી ભક્તિ છે.

तवानवस्था परमार्थतत्त्वम् , त्वया न गीताः पुनारागमश्च ।
दृष्टं विहाय त्वमदृष्टमैषीः , विरुद्धवृत्तोऽपि समंजसस्त्वम् ॥६॥

અનવસ્થા કો પરમ તત્ત્વ, તુમને અપને મતમેં ગાયા ।
કિન્તુ બડા અચરજ યહ ભગવન્, પુનરાગમન ન બતલાયા ॥
ત્યોં આશા કરકે અદૃષ્ટકી, તુમ સુદૃષ્ટ ફલકો ખોતે ।
યોં તવ ચરિત દિખેં ઉલટેસે, કિન્તુ ઘટિત સબહી હોતે ॥૯॥

ધનંજય કવિને ભક્તિની ધૂન લાગી છે. આત્મા જાગીને ઊભો થાય એવી વાત છે અને બહારમાં છોકરાને વિષ ઉતરી જઈને તે ઉભો થઈ જાય છે. પુણ્યનો કોઈ એવો યોગ આવ્યો છે. કવિ તો ભક્તિની ધૂનમાં હતા. છોકરાની સામે પણ જોતાં નથી. પરની સામું જોતાં મડદા પણ ઉભા થાય છે તેમ ભગવાન આત્માની સામે જોતાં અનાદિનો મરી ગયેલો જીવ પણ ઉભો થઈ જાય છે અર્થાત્ ચૈતન્ય જાગૃત થઈ જાય છે. જીવે ભક્તિ પણ સાચી કદિ કરી નથી. ભક્તિનું સ્વરૂપ તેણે અંતરથી કદિ સાંભળ્યું પણ નથી.

હે ભગવાન! આપે વસ્તુનો સ્વભાવ પરિભ્રમણશીલ અર્થાત્ બદલવાનો સ્વભાવ બતાવ્યો છે. આપનો આ સિદ્ધાંત છે. અને બીજી તરફ આપ ફરમાવો છો કે એકવાર જે સિદ્ધ થયા તે ફરી સંસારમાં અવતરતા નથી. આમ આપની વાત પરસ્પર વિરૂદ્ધ જેવી લાગે છે.

પ્રવચનસારમાં કહ્યું છે કે એક વખત સિદ્ધદશા થઈ તે ઉત્પાદ, વ્યય વિનાની છે. સિદ્ધદશા થઈ તે હવે કદિ વ્યય થવાની નથી અને સંસાર પર્યાયનો જે વ્યય થયો તે ફરી કદિ ઉત્પાદ થવાનો નથી. તેથી હે ભગવાન! આપને આપે જે સંસાર-દશાનો વ્યય કર્યો તેનો કદિ ઉત્પાદ થવાનો નથી અને આપે જે સિદ્ધ-દશાનો ઉત્પાદ કર્યો તેનો કદિ વ્યય થવાનો નથી. આવી દશાની પ્રાપ્તિ ભગવાને કરી છે અને વળી આપ વસ્તુને પરિભ્રમણશીલ કહો છો તે આશ્ચર્ય યુક્ત છે.

વળી હે ભગવાન! આપે પ્રત્યક્ષ એવા આ લોક સંબંધી ઇન્દ્રિય-સુખોને છોડી

દીધા અને પ્રગટમાં ન હતું પણ શક્તિમાં હતું એવા અપ્રગટ સુખને પ્રગટ કર્યું. તેથી આપે છતાં સુખને છોડી દીધા અને અપ્રગટ–અછતાં સુખને પ્રગટ કર્યું. ઇન્દ્રિયજન્ય સુખોને છોડી દીધા અને અતીન્દ્રિય સુખને પ્રગટ કર્યું. આમ આપની પ્રવૃત્તિ વિરૂદ્ધ દેખાય છે. પણ પ્રભુ! આપે તે ભલું કર્યું છે.

ઇન્દ્રિયના વિષયોનું લક્ષ છોડીને અતીન્દ્રિય–ભગવાનની પ્રાપ્તિ આપે કરી છે. આપે છતાં સુખોને છોડીને અછતાં સુખની ભાવના કરી, આમ આપની પ્રવૃત્તિમાં વિરોધ દેખાય છે. લોકમાં જે મનુષ્ય પ્રત્યક્ષ સામે રાખેલી વસ્તુને છોડીને અપ્રત્યક્ષ વસ્તુની પાછળ પડે છે તે ડાહ્યો કહેવાતો નથી. મળ્યાને છોડી દે અને નહીં, મળ્યાની ભાવના કરે તે બરાબર કહેવાતું નથી. તેમ આપે પ્રાપ્ત થયેલા ઇન્દ્રિય વિષયોને છોડીને અપ્રાપ્ત અતીન્દ્રિય સુખની ભાવના કરી તે વિરૂદ્ધ દેખાય છે પણ વિચાર કરતાં આપની પ્રવૃત્તિ યથાર્થ દેખાય છે.

આપે વર્તમાનના ઇન્દ્રિય વિષયજન્ય સુખોનો મોહ છોડીને સાચા આત્મિક-સુખને પ્રાપ્ત કરવાનો ઉપદેશ આપ્યો છે. જ્યાં સુધી પ્રાણી ઇન્દ્રિયજન્ય સુખોમાં લાગ્યો રહે છે અને ઇન્દ્રિય સુખને ભલું જાણે છે તે અતીન્દ્રિય સુખનો વેરી છે. ઇન્દ્રિયજન્ય સુખો રાગરૂપ હોવાથી ઝેર છે. તેથી જ આપે ઇન્દ્રિય-સુખોને છોડીને અતીન્દ્રિય સુખને પ્રાપ્ત કર્યું છે. ઇન્દ્રિય-જન્ય સુખોને દુઃખરૂપ તથા ઝેરરૂપ બતાવીને, આત્માના અતીન્દ્રિય સુખની ભાવના દ્વારા કવિ ભગવાનની સ્તુતિ કરી રહ્યાં છે.

હે પ્રભુ! તારા ભક્તને ભવ-ભ્રમણની ભીડ રહે તેમ બને નહિ. તેથી નિયમસારમાં કહ્યું કે હે જીવ! તને ભગવાનની ભક્તિ નથી તો તું ભવ-સમુદ્રની મધ્યમાં મગરના મુખમાં છે. જો તને આ ભવના ભયને ભેદનારા ભગવાન પ્રત્યે ભક્તિ નથી તો તું ભવ-સમુદ્રમાં ડૂબી જઈશ. આમ કહીને મુનિરાજે ભગવાનની ભક્તિનો ઉપદેશ કર્યો છે.

અહીં જે ભક્તિ કહી છે તે નિશ્ચય-વ્યવહારરૂપ બન્ને ભક્તિની વાત છે. પં. ટોડરમલજીએ કહ્યું છે કે વ્યવહાર સમકિતની પાછળ નિશ્ચય સમકિત ગમનરૂપ અર્થાત્ પરિણમનરૂપ છે. તેમ અહીં ભગવાનની એકલી રાગરૂપ ભક્તિની વાત નથી પરંતુ વ્યવહાર–ભક્તિની પાછળ નિશ્ચય-ભક્તિ પરિણમનરૂપ છે, તેની ભક્તિને સાચી ભક્તિ કહેવામાં આવે છે.

(ક્રમશઃ)

# * વૈરાગ્યજનની બાર ભાવના *

[શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

[પ્રવચન બીજું]

त्रिभुवनतिलकं देवं वंदित्वा त्रिभुवनेन्द्रपरिपूज्यम् ।
वक्ष्ये अनुप्रेक्षाः भविकजनानंदजननी ।। १ ।।

અર્થ—ત્રણ ભુવનના તિલક અને ત્રણ ભુવનના ઇન્દ્રોથી પૂજ્ય એવા દેવને હું નમસ્કાર કરી ભવ્યજીવોને આનંદ ઉપજાવવાવાળી અનુપ્રેક્ષા કહીશ.

આ પહેલી ગાથામાં મંગળ તરીકે શ્રી જિનેન્દ્રદેવને ઓળખીને તેમને વંદન કર્યું છે. કેવા દેવને નમસ્કાર કર્યો છે? કે જેઓ ત્રણ ભુવનના તિલક છે અને ત્રણ ભુવનના ઇન્દ્રોથી પૂજ્ય છે. આવા સર્વજ્ઞને નમસ્કાર કર્યા છે અને પ્રતિજ્ઞા કરી છે કે હું ભવ્ય જીવોને આનંદની ઉપજાવનારી બાર ભાવનાઓ કહીશ. ખરેખર સમ્યગ્દર્શન પછી જ ભાવનાઓ યથાર્થ હોય છે. આવી બાર ભાવના તે સંવરનું કારણ છે.

જુઓ, આ માંગલિકમાં એ વાત આવી ગઈ કે પહેલાં જ સર્વજ્ઞ દેવને ઓળખવા જોઈએ અને કુદેવાદિનું વંદન-પૂજન છોડવું જોઈએ. કુદેવ વગેરેની માન્યતા કરવી તે મિથ્યાત્વ છે. ચાર પ્રકારના દેવો અને બીજા કલ્પિત દેવોથી અહીં જિનદેવને ભિન્ન બતાવવા માટે તેમને "त्रिभुवन तिलकं" કહ્યા છે. જિનદેવ તરીકે અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય ને સાધુ એ બધાને લેશે. પાંચે પરમેષ્ઠી ભગવંતો દેવ છે. તેમના સિવાય કુદેવાદિ કોઈ પૂજ્ય નથી.

ત્રણ ભુવનના તિલક તો ઇન્દ્રને પણ કહેવાય છે. તેનાથી સર્વજ્ઞને જુદા બતાવવા તેમને ત્રણ ભુવનના ઇન્દ્રોથી પૂજ્ય કહ્યા છે. આવા સર્વજ્ઞ દેવને નમસ્કાર કર્યા છે.

અહીં એમ જાણવું કે—એવું દેવપણું તો શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પાંચ પરમેષ્ઠીમાં જ સંભવે છે. કેવા છે તે પંચ-પરમેષ્ઠી દેવો? તેનું વર્ણન કરે છે.

## ૧. પરમ સ્વાત્મજનિત આનંદસહિત ક્રીડા.

પરમ સ્વાત્મજનિત આનંદ સહિત ક્રીડા તેમને વર્તે છે. જડની ક્રિયાને તો તે પોતાની માનતા નથી. વિકારની ક્રિયામાં આનંદ માનતા નથી પણ આત્માના સ્વાભાવિક અનંદની ક્રીડા કરે છે. જુઓ! અરિહંત અને સિદ્ધ તો દેવ છે પણ આચાર્ય ઉપાધ્યાય ને સાધુ તે પણ દેવ છે. કેવા સાધુ? કે જેમને આત્માના સ્વભાવજનિત આનંદસહિત ક્રિયા વર્તે છે. વ્યવહારથી લાભ માનતા નથી, દેહની ક્રિયાથી લાભ મને કે

વ્યવહારના આશ્રયથી લાભ માને તો તેને સ્વાત્મજનિત આનંદની ક્રીડાનું ભાન નથી ને તે દેવ નથી.

## ૨. કર્મને જીતવારૂપ વિજિગીષા.

કર્મને જીતવારૂપ વિજિગીષા સહિત છે તેથી પંચપરમેષ્ઠી ભગવંતો દેવ છે. સિદ્ધ ભગવાને આઠ કર્મોને જીત્યા છે. તેથી તેમને વિજિગીષા ક્રિયા છે અને તે દેવ છે. અરિહંતોએ ચાર કર્મોને જીત્યા છે. તેથી તે પણ દેવ છે. અને આચાર્ય–ઉપાધ્યાય–સાધુએ પણ આત્માના આનંદસ્વભાવના અવલંબને દર્શનમોહને તેમજ ત્રણ કષાયોને જીતી લીધા છે તેથી તેઓ પણ દેવ છે. આવી વિજિગીષા નામની ક્રિયા તેમને છે.

જુઓ, આ પંચપરમેષ્ઠી ભગવંતોની ક્રિયાનું વર્ણન છે. ભાવની લીનતામાં રહીને આનંદ I અનુભવરૂપ ક્રીડા કરે છે ને કર્મને જીતવારૂપ વિજિગીષા છે. આવી ક્રિયા તેમને વર્તે છે, તેથી તેઓ દેવ છે. આવા દેવ વંદનીય છે. આ સિવાય બીજા કુદેવને વંદન કરવા જેવું નથી. પાંચે પરમેષ્ઠીને અહીં દેવ કહ્યા છે. આત્માના અનુભવનો આનંદ તેમને પ્રગટ્યો છે ને વિકારને જીતી કર્મનો નાશ કર્યો છે.

## ૩. સ્વાત્મજનિત જ્ઞાનપ્રકાશરૂપ દ્યુતિ.

વળી તેમને સ્વાત્મજનિત પ્રકાશરૂપ દ્યુતિ છે. અરિહંત અને સિદ્ધ ભગવંતોને કેવળજ્ઞાન પ્રકાશ અસંખ્ય પ્રદેશે પ્રગટ્યો છે ને આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુને પણ આત્માના ચિદાનંદસ્વભાવના અંતર અવલંબને પ્રગટેલા સ્વાત્મજનિત પ્રકાશની જ વાત લીધી છે.

## ૪. સ્વસ્વરૂપની સ્તુતિ.

પંચપરમેષ્ઠી ભગવંતો સ્વસ્વરૂપની સ્તુતિની ક્રિયા કરે છે. પરની સ્તુતિનો ભાવ તો રાગ છે, પુણ્ય છે. પંચપરમેષ્ઠી ભગવંતો નિજસ્વરૂપમાં એકાગ્ર થઈને તેની જ સ્તુતિ કરે છે. સ્વસ્વરૂપનું જ અનુમોદન કરે છે, વચ્ચે રાગ–વ્યવહાર આવે તેનું અનુમોદન કરતા નથી. જે જીવ રાગની કે પરની સ્તુતિથી ધર્મ માને છે તે તો મૂઢ છે. અખંડ ચિદાનંદ સ્વરૂપની સ્તુતિ ને બહુમાન ચૂકીને એકલી પરની સ્તુતિમાં રોકાય તો તે પણ મિથ્યાદૃષ્ટિ છે. તેવાને અહીં પરમેષ્ઠીમાં ગણ્યા નથી. અરિહંતોને અને સિદ્ધને તો સ્વસ્વરૂપની પૂર્ણ સ્તુતિ થઈ ગઈ છે ને આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુ પણ વીતરાગ ભાવે સ્વસ્વરૂપની સ્તુતિ કરે છે. સમ્યગ્દર્શન વગર સ્વસ્વરૂપની સ્તુતિ હોય નહિ.

## ૫. સ્વસ્વરૂપમાં પરમ પ્રમોદ

પંચપરમેષ્ઠીને સ્વસ્વરૂપમાં પરમ પ્રમોદ વર્તે છે. ધર્મીને પોતાના શુદ્ધ

જ્ઞાનાનંદસ્વરૂપમાં જ પરમ પ્રમોદ અને ઉત્સાહ છે. બહારમાં માન-આબરૂનો પ્રમોદ નથી. ઘણા પર જીવો સમજી જાય તેનો પ્રમોદ નથી પણ જ્ઞાનાનંદ વીતરાગી સ્વરૂપમાં જ તેમને પરમ ઉત્સાહ ભાવ વર્તે છે તેથી સ્વસ્વરૂપમાં જ પરમ પ્રમોદ છે. રાગમાં-નિમિત્તમાં કે વ્યવહારમાં તેમને પ્રમોદ કે ઉત્સાહ વર્તતો નથી. આવા પંચપરમેષ્ઠી છે.

## ૬. લોકાલોકને જાણવારૂપ જ્ઞાનની ગતિ

લોકલોકામાં વ્યાપ્તિરૂપ ગતિ છે એટલે કે તેમનું જ્ઞાન લોકાલોકને જાણી લે છે. અરિહંત અને સિદ્ધ તો લોકાલોકને સાક્ષાત્ જાણે છે ને ભાવશ્રુતજ્ઞાનના બળે આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ પણ લોકાલોકને જાણે છે. લોકાલોકના દ્રવ્ય-ગુણ-પર્યાયનો પત્તો જેમના જ્ઞાનમાં આવી ગયો છે, એવી તેમના જ્ઞાનની ગતિ છે એટલે કે પરિણમન છે. અંદરમાં તેમને સમ્યગ્જ્ઞાનનો દીવડો ખીલી ગયો છે ને લોકાલોકના બધા ભાવોનો નિર્ણય કરવામાં જેમના જ્ઞાનની ગતિ પહોંચી વળે છે એવા સાધુ હોય ને એવા સાધુ-પરમેષ્ઠી તે વંદ્ય છે. આવા સાધુને ઓળખીને તેમને વંદન કરે તે ખરો સેવક છે.

## ૭. શુદ્ધ સ્વરૂપમાં પ્રવૃત્તિરૂપ કાંતિ

શુદ્ધ સ્વરૂપમાં પ્રવૃત્તિરૂપ કાંતિ છે. આવી પંચપરમેષ્ઠીની ક્રિયા છે. બહારની શરીરાદિની કાંતિ તો જડ છે. પણ ચૈતન્યપ્રકાશથી ઓપિત એવા શુદ્ધ સ્વરૂપમાં પ્રવૃત્તિ છે તે જ પંચ પરમેષ્ઠીની કાંતિ છે.

આમ સાત પ્રકાર કહ્યા. તે દેવપણાની ઉત્કૃષ્ટ ક્રિયા છે. જેનામાં આવી ક્રિયા ન હોય તેને વીતરાગ શાસન 'દેવ' તરીકે સ્વીકારતું નથી. આત્માની ઉત્કૃષ્ટ પવિત્ર ક્રિયા અરિહંત અને સિદ્ધને પૂર્ણ છે ને આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુઓને પણ તે અંશે હોય છે તેથી આવા પંચપરમેષ્ઠી ભગવંતો જ સર્વોત્કૃષ્ટ દેવ છે, તેઓ જ મંગલરૂપ છે, ને તેઓ જ નમસ્કાર કરવા યોગ્ય છે. આ સિવાય બીજા કોઈ ખરેખર દેવ નથી ને તે વંદ્ય નથી. પંચપરમેષ્ઠીને યથાર્થપણે ઓળખનારો સમ્યગ્દૃષ્ટિ જ હોય ને તેવા સમ્યગ્દષ્ટિને જ યથાર્થ બાર વૈરાગ્ય ભાવનાઓ હોય છે. કુદેવાદિને માને તેને યથાર્થ વૈરાગ્ય ભાવનાઓ હોતી નથી.

હવે 'મંગલ'નો અર્થ કહે છે.

'मं' એટલે પાપ, તેને 'गल' એટલે ગાળે તથા 'मंग' એટલે સુખ તેને 'ल' એટલે લાતિ-દદાતિ અર્થાત્ તેને 'મંગલ' કહીએ છીએ. એવા દેવને નમસ્કાર કરવાથી શુભ પરિણામ થાય છે અને તેનાથી પાપનો નાશ થાય છે-શાંતભાવરૂપ સુખ પ્રાપ્ત થાય છે.

આત્માનું ભાન કરીને તેનો આશ્રય કરતા પાપનો નાશ થઈ જાય છે.

ખરેખર તો આત્માના જે ભાવથી પવિત્રતા પ્રગટે ને પાપ ટળે એવો વીતરાગ ભાવ તે જ માંગલિક છે ને નિમિત્ત તરીકે આત્માની પવિત્રતા પામેલાં પંચપરમેષ્ઠી ભગવંતો માંગલિક છે. પંચપરમેષ્ઠીને ઓળખીને તેમનું બહુમાન કરતાં પોતાને રાગ ટળીને શાંત પરિણામ થાય છે તેટલું સુખ પ્રાપ્ત થાય છે ને અશુભ ટળે છે.

એ અનુપ્રેક્ષાનો અર્થ કહે છે. આ શાસ્ત્રમાં બાર ભાવનાનું વર્ણન છે. આ અનિત્ય વગેરે બાર ભાવનાઓ તીર્થંકર ભગવંતો ભાવે છે. ગૃહસ્થાશ્રમમાં નિજાનંદી આત્માના ભાન પૂર્વક શરીરાદિની અનિત્યતાની ભાવના ભાવે છે. ધ્રુવ ચૈતન્યની દૃષ્ટિ પૂર્વકની ભાવનાઓનું જ આ વર્ણન છે. નિત્ય ધ્રુવ ચિદાનંદની દૃષ્ટિ વગરની અનિત્યભાવના યથાર્થ હોતી નથી. 'બધું' ક્ષણિક છે એવી એકલી અનિત્યભાવના બુદ્ધ વગેરેએ ભાવી છે. તે તો અનિત્ય જાગરીકા છે, દેહાદિ અનિત્ય છે ને આત્મા ધ્રુવ નિત્ય છે-એમ જાણીને નિત્યસ્વભાવના આશ્રય પૂર્વકની ભાવનાનું આ વર્ણન છે.

અનુપ્રેક્ષાનો સામાન્ય અર્થ તો વારંવાર ચિંતવન કરવું એ છે. પણ ચિંતવન તો અનેક પ્રકારના છે અને તેને કરવાવાળા પણ અનેક છે તેથી એ સર્વને ભિન્ન દર્શાવવા માટે અહીં "भव्यजनानंदजननि" એવું વિશેષણ આપ્યું છે. તેનાથી જે ભવ્ય જીવોને મોક્ષની પ્રાપ્તિ નિકટ આવી હોય તેમને આનંદ ઉપજાવનારી એવી અનુપ્રેક્ષા કહીશ.

ઘણા જીવો સંસારના વેપાર ધંધા વગેરેનું વારંવાર ચિંતવન કરે છે તેવી અનુપ્રેક્ષાની આ વાત નથી. તેમ જ બુદ્ધ વગેરેએ એકલી અનિત્યતાની જે ભાવના કરી છે તેવી પણ આ વાત નથી. પણ આ તો ધ્રુવ ચિદાનંદસ્વભાવના આશ્રયે ભવ્યજીવોને આત્માનો આનંદ દેનારી અનુપ્રેક્ષાઓનું વર્ણન છે. અભવ્ય જીવને તો આવી ભાવના હોતી નથી. અભવ્ય જીવો તેમ જ અનંત સંસારી ભવ્ય જીવો શાસ્ત્ર વાંચીને વિચાર કરે તેમાં શુભભાવ છે પણ ચિદાનંદ આત્માના ભાન વગર બાર ભાવના હોતી નથી. માટે કહ્યું કે આ નિકટ ભવ્ય જીવોને આનંદ ઉપજાવનારી ભાવનાઓ હું કહીશ. જેમના સંસારનો અંત નજીક આવી ગયો છે. જેને વિકારની રુચિ છૂટી ગઈ છે ને ચિદાનંદ સ્વભાવની રુચિ થઈ છે એવા ભવ્યજીવોને આ બાર વૈરાગ્ય ભાવનાઓ આનંદની ઉપજાવનારી છે. આનંદ તો આત્માના સ્વભાવના આશ્રયે છે. તે સ્વભાવના ભાન સહિત આ ભાવનાઓનું ચિંતવન ભવ્ય જીવોને આનંદજનક છે. આ યથાર્થ ભાવના કરનારો અનંત સંસારી ન હોય. જેને સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન પૂર્વક આવી ભાવનાઓ પ્રગટી છે ને અલ્પકાળે પૂર્ણતા કરવાનો છે તેવા જીવોની જ અહીં વાત લીધી છે. સમ્યગ્દર્શન પામીને પાછા પડી જાય ને અનંત સંસારમાં રખડે એવા જીવોની વાત અહીં લીધી નથી. માટે કહ્યું કે જેને મોક્ષ પ્રાપ્તિ થવાનું ટાણું નજીક આવી ગયું છે એવા ભવ્ય જીવોને આનંદદાયક બાર ભાવનાઓ કહીશ.

બીજું અહીં 'अनुप्रेक्षाः' એવું બહુવચનરૂપ પદ છે. ત્યાં અનુપ્રેક્ષા સામાન્ય ચિંતવન એક પ્રકારરૂપ છે. તોપણ (વિશેષ પણ તેના) અનેક પ્રકાર છે.

આ ભાવના સાંભળતા જ ભવ્યજીવોને મોક્ષમાર્ગમાં ઉત્સાહ ઉપજે છે.

જુઓ! મોક્ષમાર્ગનો જ ઉત્સાહ ઉપજાવવાની વાત કરી. પુણ્યમાં કે રાગમાં જેને ઉત્સાહ આવે તે જીવે ખરેખર આ ભાવનાઓ સાંભળી નથી.

ભાવનાઓ બાર પ્રકારની છે. તેમના નામ કહે છે તથા તે ભાવનાઓ ભાવવાની પ્રેરણા કરે છે:—

अध्रुवं अशरणं भणिताः संसारः एकं अन्यत् अशुचित्वम्
आस्रव संवरनामा निर्जरा लोकानुप्रेक्षा ॥ २ ॥
इति ज्ञात्वा भावयत् दुर्लभधर्मानुप्रेक्षा नित्यं ।
मनोवचनकायशुद्धया एताः उद्देशतः भणिताः ॥ ३ ॥

**અર્થ —હે ભવ્યાત્મન્! આટલા જ અનુપ્રેક્ષાના નામ જિનદેવ કહે તેને સમ્યક્ પ્રકારથી જાણીને મન-વચન-કાય શુદ્ધ કરી આગમ કહીશું તે પ્રમાણે તમે નિરંતર ભાવો (ચિંતવો). તે (નામ) કયા છે? અધ્રુવ, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિત્વ, આસ્રવ, સંવર, નિર્જરા, લોક, બોધિદુર્લભ અને ધર્મ એ બાર છે.**

જુઓ સદાય આ ભાવનાઓ જ ભાવવા જેવી છે. દુકાન-મકાન વગેરે બહારના પદાર્થોના કાર્યો તેના કાળે સ્વયં થાય છે. જીવ રાગ કરે પણ પરના કાર્યો તેને લીધે થતાં નથી તે પોતામાંથી રાગ ટાળીને વીતરાગતા પ્રગટ કરે તો તેથી કાંઈ જગતના કાર્ય અટકી જતાં નથી. તે તો તેનું જેમ થવાનું હોય તેમ થયા જ કરે છે. બીજો જીવ તેનું અભિમાન તથા રાગ કરે પણ પરમાં કાંઈ ન કરે અને તે અભિમાન તથા રાગ છોડતા તેનું પોતાનું કાર્ય સુધરી જાય પણ તેથી કાંઈ જગતનાં કાર્ય અટકી જતાં નથી. આમ જે ઓળખે તેને જ આ બાર ભાવનાઓ હોય છે. બાર ભાવનાઓ ભાવવી તેમાં મારું કાર્ય છે. બહારના કાર્યોમાં મારું કાર્ય નથી. આમ સમજીને પોતે-પોતાના ચૈતન્યસ્વરૂપમાં ઉત્સાહ પ્રગટ કરીને આ બાર ભાવનાઓ વારંવાર ભાવવા જેવી છે. (ક્રમશઃ)

卐

# ચૈતન્યસ્વરૂપ આત્માની ઓળખાણ કર

[ શ્રી તત્ત્વજ્ઞાનતરંગિણી ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

[ પ્રવચન બીજું ]

આ "તત્ત્વજ્ઞાનતારંગિણી" નામનું શાસ્ત્ર છે. જેમ નદીમાં પાણી આવતાં તેમાં મોજા ઊઠે છે તેમ આ દેહમાં રહેલાં ચૈતન્યમૂર્તિ આત્મામાં જ્ઞાનનાં તરંગો ઊઠે છે. આત્મા અનાદિનો છે. તેમાં શુભ-અશુભ ભાવના જે તરંગો ઊઠે તે તો વિકાર છે; દેહથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ આત્મા અનાદિ છે, તે કાયમ રહીને જુદી જુદી અવસ્થા ધારણ કરે છે. જેમ સોનું કાયમ રહીને નવા નવા આકારો ધારણ કરે છે, તેમ આત્મા કાયમ રહીને નવી નવી અવસ્થા ધારણ કરે છે. તેનું મૂળ સ્વરૂપ શુદ્ધ ચિદ્રૂપ છે. આવા ચૈતન્યસ્વરૂપ આત્માની સમજણ વગર ધર્મ થાય નહિ. આ ચૈતન્ય વસ્તુ અરૂપી અતીન્દ્રિય છે. ઇન્દ્રિયોથી જણાય તેવી નથી. દેહ તો જડ છે ને જે દયાદિના શુભ પરિણામ કે હિંસા વગેરેના અશુભ પરિણામ તે બંને વિકાર છે. ચૈતન્યનું તે મૂળ સ્વરૂપ નથી. પુણ્યના ભાવ હોય ને થોડી વારમાં તે પલટીને પાપના ભાવ થાય, એ રીતે પુણ્ય-પાપના ભાવો ક્ષણિક છે. તે ચૈતન્યનું કાયમી સ્વરૂપ નથી. દેહ દેવળમાં આત્મા ચૈતન્યસ્વરૂપ છે. તેનામાં સર્વજ્ઞ સર્વદર્શી થવાની તાકાત પડી છે.

મારો આત્મા જ્ઞાન-આનંદની શક્તિનો પિંડ છે. જેમ લીંડી પીપરમાં ચોસઠ પહોરી તીખાશ ભરી છે. તેમાંથી જ તે પ્રગટે છે. તેમ આત્મામાં સર્વજ્ઞ થવાની તાકાત છે, તેની ઓળખાણ કરીને તેમાં એકાગ્ર થતાં તેમાંથી જ સર્વજ્ઞતા પ્રગટે છે. દેહથી ભિન્ન ચૈતન્યતત્ત્વ છે. અવતાર કરવા તે તેનું સ્વરૂપ નથી. પણ અપરાધને લઈને અવતાર થાય છે.

"अपनेको आप भूलके हैरान हो गया"

ચૈતન્યસ્વરૂપ આત્માને ભૂલીને, શરીર તે હું એમ માને છે, તે ભૂલ છે. તે ભૂલને લીધે અવતાર થાય છે. શરીરને ધર્મનું સાધન માને છે પણ શરીર જ્યારે કામ કરતું બંધ પડશે ત્યારે ધર્મ કઈ રીતે થશે ? માટે શરીરની ક્રિયાથી ધર્મ થતો નથી. ધર્મ તો આત્માની અંતર્ ઓળખાણથી થાય છે. ચૈતન્યઘન આત્મા છે તે કાયમી તત્ત્વ છે. તેની યથાર્થ વાત લોકોને તો સાંભળવા પણ મળતી નથી. પાપ છોડીને પુણ્ય કરે તેમાં અજ્ઞાનીઓ ધર્મ મનાવી દે છે. પણ તે ધર્મ નથી. લોકમાં તો મૂડી ઝાઝી હોય કે પગાર ઝાઝો હોય ત્યાં લોકો તેની કદર કરે કે આ હોંશિયાર છે પણ તે તો પુણ્યનું ફળ છે. તેમાં કાંઈ આત્માનું ડહાપણ નથી. મારું ચૈતન્યતત્ત્વ શું છે તેની અંતરમાં ઓળખાણ કર્યા વિના બધું વ્યર્થ છે. કોઈ જીવ પરજીવની દયાનો ભાવ કરે પણ

પરને બચાવી શકે નહિ. આ જીવને દયાનો ભાવ હોય છતાં સામો જીવ મરી જાય; ત્યાં અજ્ઞાની મફતનો અભિમાન કરે કે હું પરને મારું કે હું પરને બચાવું. વહાલી સ્ત્રી મરતી હોય તેને બચાવવાનો ઘણો ભાવ હોય, પણ બચાવી શકતો નથી. કેમકે તે પોતાને આધીન નથી. આત્મા દયાના ભાવ કરે તે પણ તેનું વાસ્તવિક સ્વરૂપ નથી. જેમ કાચો ચણો સ્વાદમાં તૂરો લાગે છે તેમ શુભ-અશુભ ભાવ પણ તૂરા એટલે કે આકૂળતાના સ્વાદવાળા છે. આત્માએ પૂર્વ ભવમાં જેવા શુભાશુભભાવ કર્યા હોય છે તે અનુસાર કર્મ બંધાય છે ને તેની મુદત થતાં તેનો પાક થાય છે ને બહારમાં તેનું ફળ દેખાય છે. જેમ ઘઉં ચાર મહિને પાકે, રાયણ પાંત્રીસ વર્ષે પાકે, તેમ આત્મામાં જે કર્મો પૂર્વે બંધાયેલા છે તે તેની મુદત અનુસાર પાકે છે ને તેના ફળમાં બહારમાં સંયોગ દેખાય છે ને આયુષ્ય પૂરું થતાં ક્ષણમાં દેહ છૂટી જાય છે. જે કાળે, જે ક્ષેત્રે દેહની સ્થિતિ પૂરી થાય તે ક્ષેત્રે ને તે કાળે દેહ છોડીને આત્મા ચાલ્યો જાય છે. ઉપરથી ઇન્દ્ર ઉતરે તોપણ રાખવા સમર્થ નથી. અહીં તો એમ સમજાવવું છે કે તે શુભાશુભભાવોથી જુદું ચૈતન્યતત્ત્વ શું છે તે વાત પૂર્વે કદી જીવ સમજ્યો નથી. પ્રારબ્ધ તો જડે છે, પણ જે ભાવોથી પ્રારબ્ધ બંધાયું તે પણ આત્માના સ્વરૂપથી ભિન્ન છે. જેને ભવભ્રમણનો ભય લાગતો હોય, ભવથી છૂટવું હોય ને મુક્ત થવું હોય એવા જીવોએ શું કરવું? કે જ્ઞાનસ્વરૂપ આત્માની સમજણ કરવી. એ સિવાય નરકના કે સ્વર્ગના, મનુષ્યના કે ઢોરના અવતાર જીવે અનંતવાર કર્યા છે. જેને ભવના કારણની એટલે કે પુણ્ય-પાપની મીઠાશ છે તેને હજી ભવભ્રમણનો ભય નથી. આ મનુષ્યલોકની નીચે નારકીનાં સ્થાન છે. તે કલ્પના નથી. જો કોઈ માણસ એક ખૂન કરે ને તેનો અપરાધ સાબિત થાય તો તેને અહીં એકવાર ફાંસી આપે છે તો કોઈ જીવને ઘણા કાળ સુધી ઘણી સંખ્યાના જીવો મારવાનો તીવ્ર પાપ ભાવ થયો. તેનું ફળ શું? આ લોકમાં તો તેનું ફળ નથી પણ નીચે નરક છે. તેમાં તેનું ફળ આવે છે. તીવ્ર હિંસા વગેરે પાપ કરનારા નરકમાં જાય છે. ચૈતન્યસ્વરૂપ આત્મા શું, વિકાર શું, વિકારનું ફળ શું તેનું યથાર્થ જ્ઞાન જીવે કદી કર્યું નથી. એક સાથે લડાઈમાં બોંબથી લાખો-કરોડો માણસોને મારી નાખવાનો જે ભાવ થયો તેના પ્રમાણમાં ભલે કાળ ન હોય કે તેવી ક્રિયા ભલે ન બને પણ તેના પાપ ભાવની ઉગ્રતા એટલી છે કે તેનું ફળ મનુષ્ય કે ઢોરમાં પૂરું ન થાય. એટલે તે પાપનું ફળ ભોગવવાનું સ્થાન નરકમાં જ છે.

જગતમાં ચાર ગતિ છે તેમાં અનાદિથી જીવ રખડે છે. સુખ તો આત્માના ચૈતન્યસ્વરૂપમાં છે, પણ અજ્ઞાની જીવ બહારમાં-શરીરમાં-પૈસામાં-મકાનમાં લાડવા વગેરેમાં સુખ માને છે, પરમાં સુખ છે નહિ પણ કલ્પના કરી છે. તે કલ્પના ક્યાં કરી છે? કે પોતાના અરૂપી ભાવમાં; તે કલ્પના કાંઈ પરમાં નથી કરી. કલ્પનાનો કરનારો પણ પોતે જ છે. પરમાં જેણે સુખની કલ્પના કરી છે તેના પોતામાં જ સુખ છે-પણ

તે કદી જાણ્યું નથી. જો લાડવામાં સુખ હોય તો લાડવા ખાધા જ કરે ને? પણ ત્રણ લાડવા ખાય ત્યાં પછી ના પાડે છે. જો ત્રણ લાડવા ખાવાથી સુખ થયુ તો ત્રણુસો લાડવા ખાતાં તેનાથી સો ગણું સુખ થવું જોઈએ, પણ એમ બનતું નથી. લાડવા વગેરેમાં સુખ નથી પણ અંતરની ચૈતન્યવસ્તુમાં સુખ છે, તેની ઓળખાણની આ વાત ચાલે છે.

પહેલી ગાથામાં શાસ્ત્રકારે કહ્યું કે હું શુદ્ધ-ચૈતન્ય સ્વરૂપ આત્માનો અર્થી છું તેથી તેની પ્રાપ્તિ માટે તેનું વર્ણન કરું છું. આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ તત્ત્વ છે. તે જગતમાં ઉત્તમ છે, તેને ઓળખ્યા વગર જીવો પાપમાં કે પુણ્યમાં અટકી ગયા છે. ચૈતન્યસ્વરૂપની સમજણ કરવી તે જ કર્તવ્ય છે.

સમ્યક્ વિચાર ધારા વડે અંતરમાં ઉદ્યમ કરે તો તે કારણના પ્રમાણમાં કાર્ય આવ્યા વિના રહે નહિ. પણ જીવ બહારમાં જ સંતોષ માનીને અટક્યો છે ને અંતરમાં ચૈતન્યની સમજણનો ઉદ્યમ કરતો નથી. જેને ભવનો ભય હોય તે જીવ ચૈતન્યની સમજણ કરવાનો પ્રયત્ન કરે.

એકવાર અણિયાળા જેવા નાના ગામમાં એક કણબી પૂછતો હતો કે: મહારાજ! હવે આ અવતારનો ક્યાંય આરો ખરો? ત્યારે કહ્યું કે: પટેલ! તમારો પ્રશ્ન તો બહુ મીઠો છે. ભાઈ! આ બહારમાં તો બધું પુણ્ય-પાપનું ફળ છે ને અંતરમાં શરીરથી આત્મા જુદો છે તેની સમજણ કરવાથી અવતારનો અંત આવે છે વર્તમાન પાપ કરે છતાં પૂર્વના પ્રારબ્ધયોગે બહારમાં પૈસા દેખાય, પણ તેમાં ચૈતન્યનું કાંઈ હિત નથી. વળી કોઈ જીવ પુણ્ય કરે છતાં વર્તમાનમાં પૂર્વના પાપને લીધે પ્રતિકૂળતા દેખાય માટે એ પુણ્ય કે પાપ બંનેમાં ચૈતન્યનું શરણ નથી. જેને આ ભવ-ભ્રમણનો થાક લાગ્યો હોય તે જીવ ચૈતન્યના શરણને શોધે! જેમ મુસાફરીમાં થાક લાગ્યો હોય તો વિસામા માટે ઘર શોધે કે આટલામાં મારી બેનનું ઘર ક્યાં છે? તેમ જેને ચાર ગતિના દુઃખનો ડર લાગ્યો હોય-ત્રાસ થયો હોય તે અંતરમાં શરણ શોધે કે આ અવતારનો ક્યાંય આરો ખરો? તે સત્સમાગમે જ્ઞાનીને પૂછે. અંતરમાં જ્ઞાનઘન આત્મા છે તેની સમજણ કરવી તે જ શરણ છે એ સિવાય બહારમાં કોઈ શરણ નથી. પુણ્યમાં પણ જીવનું શરણ નથી. ચારે ગતિનો જેને ભય લાગ્યો હોય તેની આ વાત છે પણ પાપથી ડરે ને પુણ્યના ફળ જેને મીઠાં લાગે એને તો સંસારની રુચિ છે. તેને ચૈતન્યસ્વરૂપ આત્માની રુચિ નથી. ચારે ગતિના અવતાર અને તેના કારણરૂપ પુણ્ય-પાપ તે બધાય જીવને દુઃખ દાયક છે, અંતરમાં આનંદ દાયક ચૈતન્ય પ્રભુ છે. તેની ઓળખાણ કરે તો ભવનો અંત થાય. શુદ્ધચૈતન્ય સ્વરૂપ આત્માની ઓળખાણ કરવાનું કહ્યું. તો તે શુદ્ધ ચૈતન્ય આત્મા કેવો છે તે વાત હવે બીજા શ્લોકમાં કહે છે:

पश्यत्यवैति विश्वं युगपन्नोकर्मकर्मणामणुभिः ।
अखिलैर्मुक्तोयोऽसौ विज्ञेयः शुद्धचिद्रूपः ।। २ ।।

આત્માના જ્ઞાનસ્વભાવમાં ત્રણકાળ-ત્રણલોકને એક સમયમાં જાણવાની ને દેખવાની તાકાત છે. એકેક આત્માનો આવો સ્વભાવ છે. જેમ આ જીવ પોતાનું કલ્યાણ કરવા માગે છે તેમ પૂર્વે પોતાનું કલ્યાણ કરનારા અનંતા જીવો થઈ ગયા છે. આ જીવ તો અત્યારે શરૂઆત કરે છે પણ આના પહેલા પૂર્વે અનંતા જીવો આત્માનું પૂર્ણ સ્વરૂપ સમજી તેમાં એકાગ્ર થઈને સર્વજ્ઞ થયા છે. તેઓ જગતના જાણનાર-દેખનાર છે. આવા આત્માને શુદ્ધ ચિદ્રૂપ કહેવાય છે, તે કર્મ-નોકર્મથી રહિત છે ને ત્રણકાળ-ત્રણલોકના દેખનાર-જાણનાર છે ભગવાન બધાના જાણનારા છે પણ બીજાનું કાંઈ કરનારા નથી. ભગવાનની ભક્તિ કરવાથી ભગવાન આ આત્માને કાંઈ આપી દે એમ બનતું નથી. પણ જેવું ભગવાનનું સ્વરૂપ છે તેવું જ સામર્થ્ય આ આત્મામાં છે. તેમાં એકાગ્ર થતાં તેમાંથી સર્વજ્ઞતા પ્રગટે છે. આવા પોતાના શુદ્ધ ચિદાનંદસ્વરૂપને ઓળખવું ને તેમાં એકાગ્ર થવું તે ભવ ભ્રમણથી છૂટવાનો ઉપાય છે.

જેમ તલમાં તેલ અને ખોળ જુદા છે, ભજીયા કરવામાં તલ કામ ન આવે, પણ તેલને છૂટું પાડે તો તળવામાં કામ આવે; તેમ આત્મામાં સર્વજ્ઞ થવાની તાકાત છે. પણ તેને ઓળખીને તેમાં એકાગ્ર થાય તો સર્વજ્ઞ પદ પ્રગટે ને આત્માની મુક્તિ થાય.

—o—

(ક્રમશઃ)

## અનુભૂતિનો મહિમા

જ્ઞાનના ક્ષયોપશમનું વજન નથી, અનુભૂતિનું વજન છે. તેથી કહે છે કે આત્માને અનુલક્ષીને આત્માના સ્વાદનો અનુભવ થવો તે અનુભૂતિ છે અને બાર અંગમાં પણ અનુભૂતિનું વર્ણન કર્યું છે-અનુભૂતિ કરવાનું કહ્યું છે. અનાકુળ જ્ઞાન ને અનાકુળ આનંદનો અનુભવ કરવો એમ બાર અંગમાં કહ્યું છે. શુદ્ધ આત્માની દૃષ્ટિ કરીને સ્થિરતા કરવી એમ તેમાં કહ્યું છે. બાર અંગથી વિશેષ શ્રુતજ્ઞાન ન હોય. તેમાં ચારેય અનુયોગનું જ્ઞાન આવી જાય છે—એવું ઉત્કૃષ્ટ બાર અંગનું જ્ઞાન તે મોક્ષમાર્ગ નથી. બાર અંગવાળાને સમ્યગ્દર્શન હોય જ—સમ્યગ્દર્શન વિના બાર અંગનું જ્ઞાન ન જ હોય પણ તે ક્ષયોપશમજ્ઞાન તે મોક્ષમાર્ગ નથી પરંતુ અનુભૂતિ તે મોક્ષમાર્ગ છે. આટલો બધો ઉઘાડ થયો માટે મોક્ષમાર્ગ વધી ગયો તેમ નથી. —પૂજ્ય ગુરુદેવશ્રી

# સ્વજ્ઞેયના આશ્રયે આત્મવ્યવહારની પ્રાપ્તિ

[ શ્રી પ્રવચનસાર, ગાથા–૯૪ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

જે જીવ પોતાના સ્વજ્ઞેયનો આશ્રય કરે છે તેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચરિત્રરૂપ આત્મવ્યવહાર પ્રગટ થાય છે. અહીં પ્રવચનસારમાં જ્ઞાન પ્રધાનતાથી સમકિતની વાત કરી છે ને ચારિત્રની પર્યાય જે સ્વજ્ઞેય છે તેનું જ્ઞાન કરાવ્યું છે. વળી અહીં દ્રવ્ય-ગુણ ને વિકારી કે અવિકારી બધી પર્યાયનો પિંડ આખો પદાર્થ તે સ્વ-જ્ઞેય છે. જ્યારે સમયસારમાં દર્શન પ્રધાનતાથી કથન કરી સ્વભાવના લક્ષે જે શુદ્ધ પર્યાય પ્રગટે છે અને દ્રવ્યમાં અભેદ થાય તે જીવ છે ને બાકીના વિકલ્પ વગેરે બધા પરિણામો અજીવ છે–એમ કહ્યું છે. આશય એક છે, કથન પદ્ધતિમાં ફેર છે.

અહીં તો જે સ્વજ્ઞેયનો આશ્રય કરે છે તે સમસ્ત મનુષ્યવ્યવહારનો આશ્રય કરતો નથી, રાગ વગેરે પરથી થાય–એવી ઊંધી માન્યતા ટળી ગઈ છે. શ્રદ્ધા પ્રગટી માટે રાગ-દ્વેષ ટળશે ને રાગ-દ્વેષ ટળશે તો કેવળજ્ઞાન ખીલશે, પૂર્વ પર્યાયના કારણે બીજી પર્યાય થાય એમ તે માનતો નથી—એવી રીતે પ્રવચનસારમાં વાત છે. જ્યારે સમયસારમાં કહે છે કે "સમ્યગ્દષ્ટિને બંધ નથી." "સમકિતીના ભોગ નિર્જરાના હેતુ છે." "સમકિત આઠે કર્મોનો નાશ કરે છે." એમ દષ્ટિપ્રધાન કથનમાં આવે છે. પણ અહીં જ્ઞાનપ્રધાન કથનમાં એમ નથી. સમયસારમાં કહેશે કે 'સ્વભાવ તો વસ્તુ છે ને વિકાર તે અવસ્તુ છે.' પ્રવચનસારમાં "દ્રવ્ય, ગુણ, વિકારી ને અવિકારી પર્યાય તે બધું સ્વજ્ઞેય અને પર આત્મા તથા પદાર્થો તે પર જ્ઞેય છે, તે મારામાં નથી" એમ કહેવું છે.

સમ્યક્ શ્રદ્ધા થાય માટે ચારિત્ર ખીલે, રાગ ઘટે માટે ચારિત્ર ઉઘડે, સમકિત થયું કે રાગ ઘટયો માટે ઉદાસીન દશા છે–એમ નથી. શુભભાવ કરે તો સમકિત થાય એમ નથી. અહીં દરેક પર્યાય સ્વતંત્ર બતાવવી છે. નિમિત્તથી કે પૂર્વ પર્યાયથી વર્તમાન પર્યાય થતી નથી. तेहिं पुणो पज्जाया = તે તે સમયની પર્યાય–વિકારી કે અવિકારી–પોતાના દ્રવ્ય ગુણના આધારે છે, નિમિત્તથી કે પૂર્વ પર્યાયથી થતી નથી.

જે જીવ અસંકીર્ણ દ્રવ્ય–ગુણ–પર્યાયો વડે સુસ્થિત એવા ભગવાન આત્મ-સ્વભાવનો આશ્રય કરે છે તેને સમકિત પ્રગટ થાય છે. તે જીવ પર સાથે અથવા અંશ સાથે એકત્વબુદ્ધિ કરતો નથી, તેથી તેના રાગદ્વેષ અટકી ગયા છે ને પરમ ઉદાસીનતાને અવલંબે છે. ઉદાસીનતા તો પર્યાય છે. ઉદાસીનતાને અવલંબવાનું હોઈ શકે નહિ પણ એનો અર્થ એમ છે કે પોતાના સ્વભાવનો આશ્રય કરે છે ને રાગ-દ્વેષ ઉત્પન્ન

થતા નથી ને ઉદાસીનતા પ્રગટ થઈ છે એટલે પરમ ઉદાસીનતાને અવલંબે છે એમ કહેવામાં આવ્યું છે.

રાગદ્વેષ અટકી ગયા છે તે જ્ઞાનનું જ્ઞેય છે. ક્ષાયિક સમકતી જીવને સંસારદશામાં રાગદ્વેષ હોય છે. મારા સ્વભાવનો પૂરો આશ્રય નથી માટે રાગદ્વેષ ઘટતા નથી એમ તે જાણે છે. પણ કર્મનો ઉદય છે માટે રાગ ઘટતા નથી. એમ તે જાણતા નથી. સમકિત થયું છતા પણ વીતરાગદશા કેમ પ્રગટ નથી એવો ખેદ નથી. દરેક ગુણની પર્યાય ગુણી આત્માને આધારે છે. માટે મારા સ્વ–જ્ઞેયનો આશ્રય ઓછો છે માટે રાગ છે. પૂરો આશ્રય કરું તો વીતરાગ થઈ શકું એમ છું એમ જ્ઞાની જાણે છે ને સ્વના આશ્રયે પુરુષાર્થ ઉપાડી વીતરાગ થાય છે એટલે જ્ઞાની જીવ પર્યાયનો આશ્રય કરતા નથી. સમ્યગ્દર્શન થયું માટે ચારિત્ર ઉઘડી જવું જોઈએ. સમકિત થયું માટે સિદ્ધ દશા પ્રગટવી જોઈએ. ચારિત્ર થયું માટે કેવળજ્ઞાન થવું જોઈએ એમ પર્યાયોનો આશ્રય નહિ કરતા થકા દ્રવ્ય, ગુણ, પર્યાયના પિંડરૂપ પોતાના સ્વભાવનો આશ્રય કરે છે. મારા સ્વજ્ઞેયનો પૂરો આશ્રય નથી માટે વીતરાગતા નથી ને કેવળજ્ઞાન નથી એમ જ્ઞાની જાણે છે.

શાસ્ત્રમાં લખાણ આવે કે વીતરાગતા કેવળજ્ઞાનનું કારણ છે. પૂર્વ પર્યાયનું જ્ઞાન કરાવવા માટેનું તે કથન છે. વીતરાગતા બારમે ગુણસ્થાને ચારિત્રગુણની નિર્મળ પર્યાય છે ને તેમાંથી કેવળજ્ઞાનની પર્યાય પ્રગટે એવું બને નહિ. કેવળજ્ઞાનની પર્યાય જ્ઞાન-ગુણમાંથી પ્રગટે છે ને જ્ઞાનગુણનો આધાર આત્મા છે એટલે પોતાના ત્રિકાળી દ્રવ્ય ને ગુણમાંથી કેવળજ્ઞાન પર્યાય પ્રગટે છે પણ પૂર્વ પર્યાયમાંથી અથવા બીજા ગુણની પર્યાયમાંથી પ્રગટતી નથી. **રાગી જીવોને કોઈ દિવસે કેવળજ્ઞાન પ્રગટે નહિ પણ વીતરાગીને જ પ્રગટે એમ રાગી જીવોથી ભેદ બતાવવા વીતરાગતા કેવળજ્ઞાનનું કારણ છે એમ કથન કરવામાં આવે છે.**

જ્ઞાનીને પોતાની પર્યાયમાં ઊણપ હોય તો પોતાના દ્રવ્યનો આશ્રય ઓછો છે માટે. તથા નિર્મળતા વિશેષ હોય તો પોતાના દ્રવ્યનો આશ્રય વધારે છે માટે.

શાસ્ત્રમાં લખાણ આવે કે "સમકિતીને ભોગ નિર્જરાનો હેતુ છે." તેનો ખુલાસો : કોઈ જીવ પર પદાર્થને ભોગવી શકતો નથી, ભોગના ઉપર જ્ઞાનીની નજર નથી. રાગથી નિર્જરા થાય તેમ તે માનતો નથી. સમકિત થયું માટે હળવે હળવે વીતરાગતા થશે એમ તે માનતો નથી. પણ અસંકીર્ણ દ્રવ્ય–ગુણ પર્યાય વડે સુસ્થિત ભગવાન આત્માનો આશ્રય કરે છે ને પોતાના જ્ઞાનના સ્વ-પર-પ્રકાશક સ્વભાવને કારણે સ્વ ને પર એટલે રાગ નિમિત્તો વગેરેને જેમ છે. તેમ જાણે છે રાગનો જ્ઞાતા રહે છે. પોતાના સ્વભાવનો આશ્રય ઓછો છે માટે રાગ છે એમ યથાર્થ જ્ઞાન કરે છે ને સ્વભાવનો આશ્રય

કરે છે તેથી સમસ્ત પર દ્રવ્યની સંગતિ દૂર કરી છે એનો ખુલાસો:—

પરદ્રવ્ય દૂર કરી શકતા નથી. પરદ્રવ્યને દૂર કરવા જાય તો મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે. જ્ઞાનીને નબળાઈને લીધે વિકલ્પ ઉઠે છે પણ પોતાના સ્વભાવનો આશ્રય કરે છે એટલે સમસ્ત પરદ્રવ્ય અર્થાત્ બહારનાં પદાર્થો ને વિકલ્પોની સંગતિ દૂર કરી એમ કથન કરવામાં આવે છે.

આવી રીતે પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયનો પિંડ તે સ્વદ્રવ્ય તેની સાથે સંગતપણું હોવાથી તે જીવ ખરેખર સ્વસમય થાય છે એટલે પોતામાં વીતરાગી પરિણામ થાય છે. માટે વીતરાગી પરિણમન જ આત્માનું તત્ત્વ છે.

આ જ્ઞેયતત્ત્વ અધિકારમાં એક એક પર્યાયની સ્વતંત્રતા બતાવી છે. એક સમયની ક્યાશ છે તેનું કારણ પોતાના સ્વજ્ઞેયનો આશ્રય ઓછો છે, બીજું કોઈ કારણ નથી. કર્મનો ઉદય છે માટે જીવ સંસારમાં રોકાયો છે એમ નથી. સમકિત થશે માટે ધીરે ધીરે કેવળજ્ઞાન થશે ને કેવળજ્ઞાન થશે તો ક્રમે ક્રમે સિદ્ધ થશે–એવી પર્યાયને આધારે શુદ્ધિ છે જ નહિ. વ્યંજનપર્યાય કે અર્થપર્યાય દરેક પોતાના દ્રવ્યના આધારે છે. ક્યાશ કે વૃદ્ધિ પોતાના દ્રવ્યના આધારે છે.

આવું સ્વતંત્ર એક એક પર્યાયનું પરિણમન છે એવી વાત અન્ય મતમાં હોઈ શકે નહિ. તે ઇન્દ્રિય દમન કરે–નગ્નદશા હોય–વૈરાગ્ય હોય પણ આવી વાત સમજ્યા વગર ધર્મ થતો નથી અન્ય મતવાળાને તો ગૃહીત મિથ્યાત્વ છે. આવી સૂક્ષ્મ વાત જૈન સિવાય બીજે મળે તેમ નથી. અન્ય મત કહે છે કે સમકિત થયું માટે કેવળજ્ઞાન થઈ ગયું તે વાત ખોટી છે.

અનંતા દ્રવ્યો છે. એક દ્રવ્યના અનંતા ગુણો છે, તેની વિકારી કે અવિકારી પર્યાય છે તે બધા જ્ઞેયો છે. એક ગુણ પ્રગટે એટલે બીજો પ્રગટવો જોઈએ એમ નથી. આત્માનો આકાર પોતાના કારણે છે. શરીરના આકારને લીધે નથી. આમ દરેક પર્યાય સ્વતંત્ર નક્કી કરતાં ને પોતાના દ્રવ્ય–ગુણનો આશ્રય કરતાં મિથ્યાત્વ ઉત્પન્ન થતું નથી ને રાગ દ્વેષ થતાં નથી તથા સંપૂર્ણ આશ્રય કરતાં સિદ્ધ દશા પ્રગટ થાય છે.

અજ્ઞાની જીવો વીતરાગતા નામે તથા શાસ્ત્રના નામે વિપરીત કહે છે તેથી વસ્તુ-સ્વરૂપ ફરી જતું નથી. વળી વીતરાગે એમ કહ્યું પણ નથી.

મનુષ્યવ્યવહારનો આશ્રય કરે તેનો સંસાર ટળતો નથી અને સ્વજ્ઞેયનો આશ્રય કરનાર જ્ઞાનીને સંસાર ઉત્પન્ન થતો નથી.

પ્રવચનસાર જ્ઞાન અધિકારની પૂર્ણાહુતિમાં છઠ્ઠા શ્લોકમાં કહ્યું હતું કે જ્ઞેય અધિકાર કેવળજ્ઞાનની સિદ્ધિ અર્થે પ્રશમના લક્ષે કહીશ જેથી મોહ ઉત્પન્ન થાય નહિ. તેની સાથે ગાથાઓની સંધિ છે.

કરણાનુયોગના શાસ્ત્રોમાં કથન આવે કે કર્મના ઉદયને લીધે જીવને વિકાર થાય છે. સમયસારમાં કથન આવે કે જ્ઞાનીને ચારિત્રમોહકર્મની બળજોરીથી રાગ થાય છે. પ્રવચનસારમાં કથન આવે કે પોતાની નબળાઈથી રાગ થાય છે. તો આ ત્રણ પ્રકાર હશે? ત્રણેનો કહેવાનો ભાવ એક જ છે.

"એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ."

કરણાનુયોગમાં કર્મ એક વસ્તુ છે તે સાબિત કરવી છે. સમયસારમાં રાગ પોતાનું ત્રિકાળીસ્વરૂપ નથી. માટે દૃષ્ટિ અપેક્ષાએ રાગ અજીવનો છે એમ કહ્યું છે ને પ્રવચનસારમાં રાગ પરથી થતો નથી પણ પોતે અટકે છે તો થાય છે-એમ રાગની પર્યાયને જ્ઞેય તરીકે વર્ણવી જ્ઞાન કરાવ્યું છે. વેપારી બધાનાં ખાતાં ખાતાવહીમાં મેળવે છે. તેમ બધાં શાસ્ત્રો જુદી જુદી અપેક્ષા સમજી મેળવવાં જોઈએ. અજ્ઞાની જીવ આ બે ગાથા વાંચી કહે છે કે "પર્યાય પોતાની છે છતાં પર્યાયમૂઢ કહે છે, તો તમો વેદાન્તિ થઈ જાઓ છો"—એમ શાસ્ત્રથી વિરુદ્ધ અર્થ કાઢે છે પણ તેમ નથી. પરથી પર્યાય થાય તેને ને પર્યાય જેટલો—અંશ જેટલો પોતાનો માને છે તેને પર્યાયમૂઢ કહ્યો છે.

**ભાવાર્થ:**—હું મનુષ્ય છું. શરીર હું છું ને મનુષ્ય પર્યાયરૂપ અંશ જેટલો છું. શરીરની ક્રિયા મારાથી થાય છે. હું છું તો છોકરાને મોટા કરું છું. હું છું તો સંઘનું રક્ષણ થાય છે. સ્ત્રી, પુત્ર, ધનાદિના ગ્રહણ ત્યાગનો હું સ્વામિ છું. ભગવાન છે તો દિવ્યધ્વનિ છૂટવી જ જોઈએ. વગેરે પ્રકારે માનવું તે મનુષ્ય-વ્યવહાર છે. તે જીવ પર જ્ઞેયોને પોતાના માને છે એ મિથ્યાત્વનું વર્તન છે. માત્ર અવિચલિત ચેતના વિલાસ એટલે નિર્મળ પર્યાય તે જ હું છું એમ માનવું તે આત્મારૂપ વર્તન છે.

જે જીવો મનુષ્યાદિ અવસ્થામાં લીન છે એટલે અંશને સ્વીકારનારા છે તે જીવો પર્યાય પરને લીધે થાય છે તેમ માને છે. પોતાની પર્યાય દ્રવ્યમાંથી વહે છે તેમ નહિ સ્વીકારનાર નિગોદથી સિદ્ધો સુધીનાં જીવોને તથા બધા પરમાણુને પોતાના માને છે. બધા જ્ઞેયોને એક જ પ્રકારે જાણવાનો પોતાનો સ્વભાવ છે તે ચૂકી જઈને અમુક જ્ઞેયોમાં અનુકૂળતા માની રાગ કરે છે ને અમુક જ્ઞેયોમાં પ્રતિકૂળતા માની દ્વેષ કરે છે. એકલો પર પ્રકાશક સ્વભાવ માને છે. પોતાના અંશને જ સ્વીકારનાર સામા પદાર્થના પણ અંશને જ સ્વીકારે છે. સામા પદાર્થના વર્તમાન પર્યાયને જ જુએ છે. એક અંશમાં મૂઢ છે તે સ્વ ને પર બન્નેમાં મૂઢ છે.

જે જીવ અંશી આખો પોતાને માને છે તે સ્વ ને પર બન્નેનો જ્ઞાની છે. સાક્ષાત્ કેવળી ભગવાનથી પણ પોતાને જુદો માને તે ભગવાન થાય છે. આવા ભગવાન

[ અનુસંધાન પેઈજ ૨૪ ]

[ તત્ત્વબોધક સુધા-સરવાણી.......પાનું ૨ થી ચાલુ ]
માંડીને પૂર્ણતા સુધીની અનેક જાતની નવીન શુદ્ધ પર્યાય પ્રગટ થાય, ને તે કરવા જેવું છે; તેમાં તને સુખ થશે—આનંદ થશે, તૃપ્તિ થશે. તેમાં જ સુખ માન—આનંદ માન, બસ! તેમાં જ તૃપ્તિ થઈ જશે; પછી ક્યાંય બહાર જવાનું મન નહિ થાય. વિકલ્પ તૂટીને એવી તૃપ્તિ આવશે કે બહારનું તારું બધું ઊડી જશે. માટે તેને—નિજ શુદ્ધ આત્માને —ગ્રહણ કર. દેવ-શાસ્ત્ર-ગુરુને ને જ્ઞાયકને હૃદયમાં રાખ; અંદર ચૈતન્યની ધારા પ્રગટ કર; જીવનમાં તે જ કરવા જેવું છે.

*

આ શરીર આત્માનું નથી; તે જડ છે—પરદ્રવ્ય છે, ચૈતન્યનું સ્વરૂપ નથી; તોપણ ( અજ્ઞાની ) પર્યાયમાં તેને પોતાનું માની રહ્યો છે, વિભાવને પોતાના માની રહ્યો છે. શુભ ભાવ મારો—પૂજા કરું, ભક્તિ કરું, સ્વાધ્યાય કરું, મનન કરું એમ તેમને એકાકારપણે પોતાનાં માની રહ્યો છે, પણ તે તો શુભ રાગ છે; તેનાથી તો પુણ્યબંધ થાય છે. તારો ભગવાન આત્મા તો તેનાથી પણ ન્યારો ને ન્યારો જ છે. ન્યારા આત્માને ઓળખ! નિર્વિકલ્પતત્ત્વને ઓળખ! તે કરવા જેવું છે, તેનાથી ભવનો અભાવ થશે.

*

ગુરુદેવ વારંવાર ફરમાવતા હતા કે—આત્માને ઓળખો, ચૈતન્યને ઓળખો. વિકલ્પ છૂટીને સ્વાનુભૂતિ થાય તો અંતરમાંથી ચૈતન્યની કોઈ અપૂર્વ, અદ્ભુત ને અનુપમ ઋદ્ધિ પ્રગટે. આચાર્યદેવ કહે છે ને—આ તરફ આવો—આ તરફ આવો, અહીં નિવાસ કરો, તમારું પદ આ છે —આ છે, જ્યાં શુદ્ધ-શુદ્ધ ચૈતન્યધાતુ નિજ રસની અતિશયતાને લીધે સ્થાયીભાવપણાને પ્રાપ્ત છે અર્થાત્ સ્થિર છે—અવિનાશી છે. બીજું બધું અપદ છે—અપદ છે, તમારું સ્થાન નથી, એમ તમે સમજો. આચાર્યદેવ જે કહે છે, ગુરુદેવ પણ તે જ કહે છે—સર્વોત્કૃષ્ટ પદ આ આત્મા છે, આત્મા જ એક સાર છે, બાકી બધું નિઃસાર છે.

*

દ્રવ્ય તો શાશ્વત છે, ને પર્યાય તો ક્ષણે ક્ષણે પ્રગટે છે. દ્રવ્યનું વેદન નથી હોતું, વેદન પર્યાયનું હોય છે. ચૈતન્ય જે દ્રવ્ય છે, તેની પર્યાય

થાય છે; પર્યાય કાંઈ અધ્ધર નથી રહેતી—દ્રવ્યરૂપ આધાર વિના કોઈ પર્યાય થતી નથી.

પૂજ્ય ગુરુદેવ દરેક શાસ્ત્રમાં શબ્દે શબ્દના કોઈ એવા અર્થ કરતા હતા! તેમની વાણી કોઈ અપૂર્વ હતી. સાંભળનારને એમ થાય કે—આત્માનું સ્વરૂપ કેવું છે તે જાણે સાક્ષાત્ બતાવતા હોય!

મનુષ્યજીવનમાં એક જ્ઞાયક—આત્માને ઓળખવો. વિભાવ બધો ઉપરછલ્લો છે; મૂળ સ્વભાવમાં—તળમાં—જઈને તેનું ભેદજ્ઞાન કરવું.

[ સ્વજ્ઞેયના આશ્રયે આત્મવ્યવહારની પ્રાપ્તિ....પાનું ૨૨ થી ચાલુ ]

આત્મસ્વભાવનો જે આશ્રય કરે છે તે અનેકાંત દૃષ્ટિવાળો હોવાથી મનુષ્યવ્યવહારનો આશ્રય કરતો નથી. "હું છું ને પર પદાર્થો પણ છે" પણ "પર છે માટે હું છું એમ નથી." મારા જ્ઞાનથી હું સ્વ-પરને જાણું છું પણ પર છે માટે તેનું જ્ઞાન થાય છે એમ નથી. એમ અનેકાંત કરે છે. વળી જ્ઞાન નિમિત્તથી ખીલે, પોતાને જ્ઞાન થવાનું હોય ત્યારે નિમિત્તને હાજર થવું પડે, એક ગુણ ખીલે માટે બીજો ખીલવો જોઈએ. એવા મનુષ્યવ્યવહારનો જ્ઞાની આશ્રય કરતા નથી. પણ આત્મવ્યવહારનો આશ્રય કરે છે માટે રાગીદ્વેષી થતા નથી. પરદ્રવ્યના કાર્ય સાથે સંબંધ નહિ કરતાં કેવળ સ્વદ્રવ્ય સાથે જ સંબંધ કરતા હોવાથી તે જીવો ધર્મને પામે છે.

ભાનપૂર્વક સ્વજ્ઞેયને પકડતાં ચારિત્રદશા પ્રગટે છે. તેથી રાગદ્વેષ ઉત્પન્ન થતા નથી. એટલે પરમ ઉદાસીન રહે છે. અજ્ઞાન દશામાં પરના અંશ—શરીર-પ્રતિમા-બીજા પદાર્થોના વર્તમાન અંશ તરફ દૃષ્ટિ થતી તે સંબંધ ટળી ગયો છે. પોતાના સ્વદ્રવ્ય સાથે જ સંબંધ રાખે છે, તેથી તેઓ સ્વસમય છે.

જ્ઞેય અધિકારની આ બે ગાથામાં મહેલનો પાયો ધરબાણો છે. તેમાંથી પ્રશમના લક્ષે કેવળજ્ઞાનરૂપી મહેલ રચાશે અથવા જે મુમુક્ષુ આ બે ગાથાનો ભાવ યથાર્થ સમજશે તે સમ્યગ્દર્શન પોતામાં પ્રગટ કરશે જ.

# * વૈરાગ્ય અને પુરુષાર્થપ્રેરક પુરાણ પ્રસંગ *

## અજગરના મુખમાં પુત્રીનું મૃત્યુ દેખી
## બાવીશ હજાર પુત્રો સહિત ચક્રવર્તીનો વૈરાગ્ય

મહાવિદેહક્ષેત્ર વિષે સ્વર્ગ સમાન પુંડરીક દેશમાં ત્રિભુનાનંદ નામના નગરના રાજા ચક્રધર ચક્રવર્તી રાજ્ય કરે છે. એની પુત્રી અનંગશરા છે. જેનાં ગુણો જ એના આભૂષણ છે, સ્ત્રીઓમાં એના જેવું અદ્‌ભુત રૂપ બીજા કોઈનું નથી.


પ્રતિષ્ઠિતપુરનો એક રાજા પુનર્વસુ વિદ્યાધરે-ચક્રવર્તીના સામન્તે કન્યાને જોઈને કામવાસનાથી પીડિત થઈને કન્યાને વિમાનમાં ઉઠાવી લઈ ગયો. ચક્રવર્તીએ ક્રોધાયમાન થઈને દૂત મોકલ્યા તથા એની સાથે યુદ્ધ કરવા લાગ્યો. એનું વિમાન તોડી નાખ્યું. ત્યારે પુનર્વસુએ વ્યાકુળ થઈને કન્યાને આકાશમાંથી નીચે નાંખી. શરદના ચંદ્રમાની જ્યોતિ સમાન પુનર્વસુની પર્ણલઘુ વિદ્યાથી કન્યા અટવીમાં આવી પડી. તે અટવી દુષ્ટ જીવોથી મહા ભયાનક, જેનું નામ શ્વાપદ રૌરવ, જ્યાં વિદ્યાધરોનો પણ પ્રવેશ નથી. વૃક્ષોના સમૂહથી મહા અંધકારપૂર્ણ, નાના પ્રકારની વેલોથી ઘેરાયેલી તથા ઊંચા ઊંચા વૃક્ષોથી ભરેલી જ્યાં સૂર્યનું એક કિરણ પણ પ્રવેશી ન શકે તથા ચિત્તા, વાઘ, સિંહ, ગેંડા, રીંછ ઇત્યાદિ અનેક વનચર વિચરે છે તથા ઊંચી-નીચી ભૂમિમાં મોટા-મોટા ખાડા જેમાં આ ચક્રવર્તીની કન્યા અનંગશરા બાલિકા મહા ભયંકર વનમાં ખૂબ જ દુઃખી થતી ચારે દિશાઓમાં નજર કરતી માતા-પિતાને યાદ કરતી રુદન કરે છે કે હાય! હું ચક્રવર્તીની પુત્રી, મારા પિતા ઇન્દ્રસમાન જેની હું લાડલી, દૈવયોગે આવી અવસ્થામાં આવી પડી! હવે હું શું કરું! આ વનનો તો કોઈ છેડો—અંત નથી. આ વન જોઈને દુઃખ થાય છે. હાય પિતા! મહાપરાક્રમી, આખા લોકમાં પ્રસિદ્ધ છે. હું આ વનમાં અસહાય પડી છું, મારી દયા કોણ કરે? હાય માતા! તેં ખૂબ દુઃખ સહીને મને ગર્ભમાં રાખી, હવે શા માટે મારી દયા નથી કરતી? હે મારા પરિવારના મનુષ્યો! મને એક ક્ષણમાત્ર એકલા ન છોડતાં, હવે મને કેમ તજી દીધી? અરે! હું જન્મ લેતાં જ શા માટે ન મરી ગઈ! હવે શા માટે આવું દુઃખ પડ્યું કે જ્યાં મૃત્યુ ચાહતાં પણ ન મળે. શું કરું, ક્યા જાઉં? હું પાપિની કેમ કરી છૂટું, આ સ્વપ્ન છે કે સાક્ષાત્ છે? એ રીતે ઘણા સમય સુધી વિલાપ કરી વિહ્વળ થઈ. એવો વિલાપ કરે કે અતિ દુષ્ટ પશુ પણ તે સાંભળીને કોમળ થઈ ગયા. તે ભૂખ-તરસથી દુખિત શોકના સાગરમાં મગ્ન ફળ-પત્રોથી પેટ ભરવા લાગી. કર્મના યોગે કેટલા શીતકાલ પૂરા કર્યા. કેવા છે શીતકાલ? કે કમળના વનની શોભાને નષ્ટ કરનાર. તથા એણે અનેક ગ્રીષ્મનો આતાપ સહન કર્યો. કેવો છે ગ્રીષ્મ આતાપ? કે જેનાથી જળના સમૂહ સૂકાઈ ગયા છે તથા દાવાનળથી અનેક વૃક્ષો બળીને રાખ થયા છે તથા અનેક જન્તુ બળીને

મરી ગયા છે તથા એણે વર્ષાકાળ પણ ઘણાં વ્યતીત કર્યાં. તે સમયે જલધારાન અંધકારથી સૂર્યની જ્યોતિ દબાઈ ગઈ છે. તેથી કન્યાનું શરીર વર્ષાથી ધોયેલુ ચિત્રામની પુતળી જેવું થઈ ગયું છે. કાંતિરહિત દુર્બલ વિખરાયેલા કેશ મલયુક્ત શરીર લાવણ્યરહિત એવું થઈ ગયું છે કે જેમ સૂર્યના પ્રકાશથી ચંદ્રમાની કળાનો પ્રકાશ ક્ષીણ થઈ જાય છે. કૈથનું વન ફળોથી નમ્રીભૂત છે ત્યાં બેસીને પિતાને યાદ કરીને રુદન કરતી કહેતી મારો જન્મ ચક્રવર્તીને ત્યાં તો થયો પણ પૂર્વ જન્મના પાપન ઉદયે આવી દુઃખી અવસ્થામાં આવી પડી વિગેરે દુઃખોને યાદ કરી આંસુઓની ધારથે જાણે વરસાદ વરસતો હોય એમ રુદન કરતી હતી.

આ રીતે વનમાં રહીને વૃક્ષોથી જે ફળ સુકાઈને નીચે પડી જાય તેનું ભક્ષ કરીને તથા બેલા-તેલા અપવાસ કરીને શરીર સુકાઈ ગયું છે. તથા જળ તથા ફળ ખાઈને પારણા કરે છે. તથા એક જ સમય જળ તથા ફળ ખાય છે. આ ચક્રવર્તીનો પુત્રી પુષ્પોની સેજ પર સૂનારી તથા જેને પોતાના કેશ પણ ચૂંભતા હતા. તે અત્ય વિષમભૂમિ પર દુઃખી થઈને શયન કરે છે. તથા તે પિતાના અનેક ગુણીજન જેને પ્રે કરતા તથા એના વચન સાંભળી ખુશી થતી તે અત્યારે ભયંકર વનમાં શિયાળ આદિ અનેક ભયાનક વનચરોનાં ભયાનક શબ્દ સાંભળી રાત્રિ વ્યતીત કરે છે. આવી રીતે વનમાં રહીને ત્રણ હજાર વર્ષ તપ કર્યું. સૂકા ફળ તથા સૂકા પત્ર તથા શુદ્ધ જલ આહાર કર્યો. તથા મહા વૈરાગ્યને પ્રગટ કરી, ખાન-પાનનો ત્યાગ કરી, ધીરતા ધરી સંલેખણા મરણ આરભ્યું. એકસો હાથ ભૂમિથી વધારે આગળ ન જાઉં. આ નિયમ ધારણ કરી ત્યાં રહી છે, આયુષ્યના છ દિવસ બાકી છે ત્યાં એક અરહદાસ નામનો વિદ્યાધર સુમેરુની વંદના કરતાં નીકળ્યો તેણે ચક્રવર્તીની પુત્રીને જોઈને એના પિતાની જગ્યાએ લઈ જવા વિચાર્યું, પરંતુ સંલેખણા હોવાથી કન્યાએ ના પાડી.

ત્યારે અરહદાસ જલ્દી ચક્રવર્તી પાસે જઈને ચક્રવર્તીને સાથે લઈને કન્યા પાસે આવ્યો. તે જ સમયે એક અજગર આ કન્યાને ખાઈ રહ્યો હતો. કન્યાએ પિતાની પાસે અજગરને અભયદાન અપાવ્યું તથા પોતે સમાધિમરણ કરી શરીર તજી ત્રીજા સ્વર્ગમાં ગઈ. પુરુષાર્થક પૂર્વક દેહ છોડવાના પુત્રીના સાહસને દેખીને ચક્રવર્તી પિતા બાવીશ હજાર પુત્રો સહિત અત્યં વૈરાગ્ય પામી મુનિ થયા. કન્યાએ અજગરને ક્ષમા કરીને અજગરને પીડા થવા ન દીધી. અને પેલો પુનર્વસુ વિદ્યાધર અનંગશરાને શોધતાં શોધતાં પણ એ જ્યારે ન મળી ત્યારે તે બહુ દુઃખી થયો ને સંસારથી વિરક્ત થઈ દ્રુમસેન મુનિ પાસે જઈ મુનિ થઈ મહાતપ કરી અંત સમયે સમાધિમરણ કરી સ્વર્ગમાં દેવ થઈ સ્વર્ગમાંથી ચ્યવીને મહાસુંદર લક્ષ્મણ થયો તથા તે અનંગશરા ચક્રવર્તીની પુત્રી સ્વર્ગલોકથી આવીને દ્રોણમેઘની પુત્રી વિશલ્યા થઈ તથા પુનર્વસુએ એનું નિદાન કર્યું હતું તેથી લક્ષ્મણ એને વરે છે. અને જિનેન્દ્ર શાસનની શ્રદ્ધાને ભક્તિથી ક્રમે કરીને બન્ને જીવો મોક્ષ પામશે.

[ શ્રી પદ્મપુરાણમાંથી ]



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

(૧) સ્ત્રીનો વિશ્વાસ કરવો તે વાઘનો, વિષનો, ચોરનો, અગ્નિનો, જળનો, મદોન્મત્ત હાથીનો, કાળા સર્પનો, તથા શત્રુનો વિશ્વાસ કરવા બરાબર છે. (શિવકોટિ આચાર્ય, ભગવતી આરાધના, ગાથા-૯૫૧)

(૨) જે ઔષધિ રોગને દૂર કરી શકે નહિ તે ખરેખર ઔષધિ નથી. જે જળ તૃષાને દૂર કરી શકે નહિ તે ખરેખર જળ નથી, અને જે ધન આપત્તિનો નાશ કરી શકે નહિ તે ખરેખર ધન નથી. તેવી જ રીતે જે વિષયથી ઉત્પન્ન થયેલું સુખ તૃષ્ણાનો નાશ કરી શકે નહિ તે ખરેખર સુખ નથી. (શ્રી જિનસેન આચાર્ય, આદિ પુરાણ, શ્લોક ૧૬૮-૧૬૯)

(૩) પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિઓને "અષ્ટપ્રવચનમાતા" એવી સંજ્ઞા આગમમાં આપવામાં આવી છે. માતા પુત્રને જન્મ આપે છે, તેનું રક્ષણ કરે છે અને દોષોને દૂર કરીને પુત્રને સદ્‌ગુણ યુક્ત બનાવે છે, તેવી રીતે ગુપ્તિ અને સમિતિ પણ પ્રવચનની-રત્નત્રયની માતા છે. તેના વડે મુનિને રત્નત્રય ઉત્પન્ન થાય છે, રત્નત્રયનું રક્ષણ થાય છે તથા રત્નત્રયની નિરતિચારતા થાય છે. માટે સાધુગણ આ પ્રવચન-માતાઓને હંમેશા ધારણ કરીને સ્વહિત સાધે છે.

(શ્રી કુંદકુંદ આચાર્ય, મૂલાચાર-પંચાચાર અધિકાર, ગાથા-૬૫૮)

ભગવાન! આપની સ્તુતિ કરીને હું દીનતાથી વરદાન માંગતો ... કારણ કે આપ તો વીતરાગ છો. વળી આપની સ્તુતિ ... ફળની પ્રાપ્તિ તો સ્વયં જ થઈ જાય છે, તો યાચના ... ું લાભ છે? વૃક્ષનો આશ્રય કરનાર પુરુષને છાયા સ્વયં ... છે તો છાયાની યાચના કરવાથી શું લાભ છે?

(મહાકવિ ધનંજય, વિષાપહાર સ્તોત્ર, શ્લોક-૩૮)

## * ગુજરાતી આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિ *

| | | |
|---|---|---|
| ૧૮૫૮ | મધુકુમાર હરીલાલ શાહ | મુંબઈ |
| ૧૮૫૯ | રમણીકલાલ છોટાલાલ સંઘવી | સુરેન્દ્રનગર |
| ૧૮૬૦ | ભગવાન અજમલલાલ | ટીંબા |
| ૧૮૬૧ | ચીમનલાલ ઠાકરશી મોદી | મુંબઈ |
| ૧૮૬૨ | ચંદુલાલ વી. મહેતા | રાજકોટ |
| ૧૮૬૩ | મનુભાઈ મનાભાઈ | ગોંડલ |
| ૧૮૬૪ | આશિષ કીશોરકુમાર મહેતા | જામનગર |
| ૧૮૬૫ | ડો. રજનીકાંત એમ. મહેતા | ,, |
| ૧૮૬૬ | કાંતીલાલ હરીલાલ શાહ | મુંબઈ |
| ૧૮૬૭ | કાંતીલાલ શીવલાલ તુરખીયા | હૈદ્રાબાદ |
| ૧૮૬૮ | પીયુષકુમાર નટવરલાલ | સુરત |
| ૧૮૬૯ | શાહ મહેશચંદ્ર ગુલાબચંદ | ઉઘના |
| ૧૮૭૦ | કાંતીલાલ ભીખાલાલ ભાયાણી | મુંબઈ |
| ૧૮૭૧ | નરેન્દ્રકુમાર સુંદરલાલ | મોરબી |
| ૧૮૭૨ | સુમનલાલ મહેતા | વાંકાનેર |
| ૧૮૭૩ | પૂનમચંદ મણીલાલ મહેતા | અમદાવાદ |
| ૧૮૭૪ | ધીરેન્દ્ર કલ્યાણભાઈ | ,, |
| ૧૮૭૫ | જયાબેન આર. મહેતા | લંડન |
| ૧૮૭૬ | મહાસુખ જગજીવન કામદાર | હૈદ્રાબા[d] |
| ૧૮૭૭ | નયનાબેન હેમેન્દ્ર અજમેરા | સીતાવ[d] |
| ૧૮૭૮ | M/s Sinior cycle importing Co. | Hubali |
| ૧૮૭૯ | મહેતા પ્રદીપકુમાર ચંદુલાલ | યુ. એસ. એ. |
| ૧૮૮૦ | ડો. એસ. પી. દાન | ,, |
| ૧૮૮૧ | ચંદુલાલ કેશવલાલ | જમાલપુર |
| ૧૮૮૨ | પ્રફુલ કે. રીંગવાલા | યુ. એસ. એ. |
| ૧૮૮૩ | ગંભીરદાસ અમરચંદ | અકોલા |
| ૧૮૮૪ | શા. ધનજી તેજપાલની કું. | મુંબઈ |
| ૧૮૮૫ | શ્રી ધીરેન એસ. કોઠારી | યુ. એસ. એ. |
| ૧૮૮૬ | રૂપલબેન અશોકકુમાર દોશી | મુંબઈ |
| ૧૮૮૭ | નેમચંદ બાટવીયા | રાયપુર |
| ૧૮૮૮ | હીંમતલાલ હરખચંદ મહેતા | સોનગઢ |
| ૧૮૮૯ | દક્ષાબેન સુશીલકુમાર દોશી | મુંબઈ |
| ૧૮૯૦ | ચંદ્રમતીબેન મણીયાર | મુંબઈ |

[ આજીવન ફી ૧૦૧=૦૦ ]

ધર્મની પ્રીતિવાળા વિવેકી જીવને પોતાના પરિણામમાંથી રાગાદિ ઘટાડવા માટે ધર્મકાર્યમાં લક્ષ્મી વગેરે ખરચવાનો ભાવ આવ્યા વિના રહેતો નથી. કેટલાક જીવો ધાર્મિક કાર્યની સામે જોતાં નથી ને બહારમાં લૌકિક કાર્યોમાં ધન વગેરે વાપરે છે. એવા જીવોને ધર્મનો વિવેક નથી. ધર્મકાર્યમાં લક્ષ્મી વાપરવાનો જેને ઉત્સાહ છે તેને પોતાને..વી. ધર્મની પ્રીતિ છે. તેથી તેવા જીવને પંડિત પુરુષો પ્રશંસે છે. —પૂજ્ય ગુરુ..ારે તે

..મહાતપ ..ને મહાસુંદર ..ી દ્રોણમેઘની પુત્રી એને વરે છે. અને ..ામશે. ..પુરાણમાંથી ]



તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ
મુદ્રક : અજિત મુદ્રણાલય, સોનગઢ
[ વાર્ષિક લવા..
[ માર્ચ ૧૯૮૩